જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૨૫-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વડાપ્રધાન મોદીએ પ૩મી વખત મન-કી બાત કરી

દેશના નાગરિકો નીરાંતે ઊંઘી શકે તે માટે જવાનોએ દિવસ-રાત આપ્યા: મોદી

દેશ સામે આવેલા પડકારનો સામનો આપણે તમામ મતભેદો ભૂલાવીને કરવાનો છે', 'વીરોએ આપણી રક્ષા માટે પ્રાણ ત્યાગી દીધા



ન્યુ દિલ્હી

વડાપ્રધાન મોદીએ રવિવારે મનકી બાત કાર્યક્રમની મદદથી પ૩મી વખત દેશવાસીઓને સંબોધિત કર્યા. તેઓએ પુલવામાના શહીદોને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું કે આ શહાદત આતંકના મૂળને નષ્ટ કરવા માટે આપણને સતત પ્રેરિત અને આપણાં સંકલ્પને મજબૂત કરશે. આ પહેલાં તેઓએ શો સાથે જોડાયેલી એક ટ્વીટ કરી હતી. જેમાં તેઓએ કહ્યું હતું કે આજે મનકી બાત સ્પેશિયલ હશે. પછી કહેતા નહીં કે મેં તમને જણાવ્યું ન હતું. 'હવે મન કી બાત બે મહિના પછી': મોદીએ કહ્યું, ×મન કી બાત કાર્યક્રમના માધ્યમથી તમારી લોકોની સાથે જોડાવવાનો મારો એક અનોખો જ અનુભવ રહ્યો. રેડિયોના માધ્યમથી હું એક રીતે કરોડો પરિવાર સાથે રૂબરૂ થઉ છું. અનેક વખત તો તમારા સૌની સાથે વાત કરતાં, તમારી ચિઠ્ઠીઓ વાંચતા કે તમારા ફોન પર મોકલેલાં વિચારો સાંભળતા મને એવું પ્રતીત થતું કે તમે મને તમારા પરિવારનો એક સભ્ય જ માનો છો. આ મારા માટે ઘણી જ સુખદ અનુભવ રહ્યો. હું લોકસભા ચૂંટણી ૨૦૧૯ પછી તમારા આશીર્વાદના જોરે એક વખત ફરી આપણી વાતચીતની આ પરંપરાને શરૂ કરીશ અને વર્ષો સુધી તમારી સાથે મનની વાત કરતો રહીશ. ચૂંટણી લોકશાહીનો સૌથી મોટો ઉત્સવ છે. આગામી બે મહિના આપણે સૌ ચૂંટણીમાં વ્યસ્ત હશું. હું પોતે આ ચૂંટણીમાં એક ઉમેદવાર હોઈશ. સ્વસ્થ લોકશાહીની પરંપરાનું સન્માન કરતા આગામી મન કી બાત મે મહિનાના છેલ્લાં રવિવારે કરીશું. મોદીએ કહ્યું, આજે મન વ્યથિત છે. ૧૦ દિવસ પૂર્વે ભારત માતાએ પોતાના વીર સપૂતોને ગુમાવ્યાં. આ પરાક્રમી વીરોએ આપણી રક્ષામાં પોતાને ખપાવી દીધાં.

આજે સુપ્રિમ કોર્ટમાં ૩૫-એ પર સુનાવણી થશે: જડબેસલાક બંદોબસ્ત ગોઠવાયો

સુપ્રીમ કોર્ટમાં સંવિધાનના અનુચ્છેદ ૩૫A પર સોમવારના રોજ સુનાવણી થવાની છે, ત્યારે જમ્મુ-કાશ્મીરમાં કર્ફ્યૂ જેવી સ્થિતિ સર્જાય છે. જમ્મુ-કાશ્મીરના અલગાવવાદી નેતાઓએ રવિવારે બંધની જાહેરાત કરી હતી અને કાશ્મીર બંધની. ત્યારે ઘાટીમાં તણાવ અને બંધ દરમિયાન કોઈપણ પ્રકારની ઘટના ન બને તે માટે મોટી સંખ્યામાં જવાનોની તૈનાતી કરવામાં આવી છે. સમગ્ર શ્રીનગરમાં ધારા ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે અને કેટલાય વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવા પણ બંધ કરી દેવામાં આવી છે. પરંતુ હોમ મિનિસ્ટ્રીએ વધારે સુરક્ષા બળોની તૈનાતીને ચૂંટણી પૂર્વેની તૈયારીના ભાગરૂપે એક અભ્યાસ જણાવ્યો હતો.

૩૫A અંતર્ગત જમ્મુ-કાશ્મીરના નિવાસીઓને વિશેષ અધિકારી મળેલો છે અને અલગાવવાદી નેતાઓ નથી ઈચ્છતા કે આ ધારા હટાવવામાં આવે. આ જ કારણ છે કે, રવિવારે ઘાટીમાં બંધની જાહેરાત કરવામાં આવી હતી. ઘાટીમાં સુરક્ષા વ્યવસ્થા કડક હોવા છતા તણાવની સ્થિતિ જોવા મળી રહી છે. ત્યાંના અમુક લોકો અલગાવવાદી નેતાઓની ધરપકડનો વિરોધ કરી રહ્યા છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

વડાપ્રધાનએ ગોરખપુરમાં ખેડૂત સન્માન નિધિ યોજનાને લોન્ચ કરી,વિપક્ષ પર પ્રહારો કર્યા

ખેડૂતોની હાય તમારી રાજનીતિને ખતમ કરી દેશે: મોદી

ગોરખપુર

વડાપ્રધાન મોદીએ રવિવારે ગોરખપુરથી વડાપ્રધાન કિસાન સન્માન નિધિ યોજનાનો પ્રારંભ કરાવ્યો. જે અંતર્ગત ખેડૂતોના ખાતામાં ૨ હજાર કેશ ટ્રાંસફર કરવામાં આવશે. મોદીએ કહ્યું કે ખેડૂતોને આપવામાં આવેલી રાહતની રકમ હું પણ પરત ન લઈ શકું, અફવા ફેલાવનારાઓને જડબાતોડ જવાબ આપજો. મોદીએ ગોરખપુરમાં ૧૦ હજાર કરોડ રૂપિયાની યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ પણ કર્યું.

પીએમ મોદીએ સ્કીમના ફાયદા ગણાવતા કહ્યું કે આ યોજના અંગે જ્યારે અમારા



વિરોધીઓએ સંસદમાં સાંભળ્યું તો તેમનો ચહેરો લટકી ગયો હતો. મહામિલાવટી લોકો પરેશાન થઈ ગયા અને હવે અફવાઓ ફેલાવી રહ્યાં છે. મને લાગે છે કે આ તેમનો જન્મજાત સ્વભાવ છે. હવે તેમણે એવી અફવા ચાલુ કરી છે કે મોદી એ હજુ ૨૦૦૦ રૂપિયા જ આપ્યા છે, ફરી આપશે, પરંતુ વર્ષ પછી પાછા લઈ લેશે.

પીએમ મોદી એ વિપક્ષી દળોની રાજ્ય સરકારોને ચેતવણી આપતા કહ્યું કે જો તેઓ ખેડૂતોની યાદી સોંપતા નથી તો પછી અન્નદાતાના શાપથી તેમનો વિનાશ થશે. પીએમ મોદીએ કહ્યું કે હું ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, ગુજરાત, બિહાર અને મહારાષ્ટ્ર જેવી સરકારોનું અભિનંદન કરું છું, જેમણે પ્રાથમિકતા આપી. એવી પણ કેટલીય સરકારો છે જેની ઉંઘ હજુ ઉડી નથી. હું એવી રાજ્ય સરકારોને ચેતવણી આપું છું કે જો તમે યાદી પહોંચાડશો નહીં તો ખેડૂતોનો શ્રાપ અને હાય તમને બર્બાદ કરી દેશે.

પીએમ મોદીએ ખેડૂતોને અપીલ કરતાં કહ્યું કે આ જે પૈસા આપવામાં આવી રહ્યા છે તે તેમારા હકના છે. કોઈ તેને પાછા લઈ શકે તેમ નથી.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન સિક્યુરિટી સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાજ્યભરમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના થવારદાર અન્યોને જોડી મહેનતાણું ઉમિયાવી ભાતીલા રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવણ જશો, જે માટે સાથે ડ્રાફીલ હોપક પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આબાદીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેળવી આપના કમાયેલા પૈસામાંથી
(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ત્રણેટ જોડવી ઉપયોગી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે રાજ્યભરમાં ૫૫૦/- ભરવાના રહેશે.
(PLAN - B)
ત્રીજા ત્રણ વર્ષ માટે ૫૫૦૦/- (ત્રણેટ જોડવી ઉપયોગી) આપનો કોડ ત્રીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે રાજ્યભરમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

ભુજ વિસ્તારમાંથી વિદેશી દારૂ પકડી પાડતી લોકલ ક્રાઈમ બ્રાન્ચ પશ્ચિમ કચ્છ-ભુજ



પોલીસ અધિક્ષક સૌરભ તોલંબીયાની સુચનાથી ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર એ મ.બી.ઔ સુરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફના માણસોની અલગ-અલગ બે ટીમો બનાવી ભુજ શહેર તથા આજુબાજુના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમયાન એક ટીમ ભુજ શહેરની ભાગોળે પેટ્રોલીંગમાં હતી ત્યારે માધાપર જુનાવાસ વિશાલનગરમાં રહેતો હરેશ ઉર્ફે બોબી અશોકભાઈ લખવાણીએ ઈગ્લીશ દારૂનો જથ્થો વેચાણ માટે પોતાના ઘરની સામે એક ફોર વ્હીલર કાર નં.જીજે-૦૭ આર ૯૧૮૮ માં રાખેલ છે જે મળેલ સચોટ બાતમી હકીકત આધારે તુરંતજ વર્કઆઉટ કરી બાતમી હકીકત વાળી જગ્યાએ રેઇડ કરતા આરોપી હરેશ ઉર્ફે બોબી અશોકભાઈ લખવાણી (સીંધી), ઉ.વ.૩૧, રહે. વિશાલનગર, મ.નં.૧૩, જુનાવાસ, માધાપર, તા.ભુજ વાળાની કબ્જાની ફોર વ્હીલર કાર નં.જીજે-૦૭, આર.૯૧૮૮, કિં. રૂા.૫૦,૦૦૦/- વાળીમાંથી ઈગ્લીશ દારૂની પાર્ટી સ્પેશ્યલ ડીલક્ષ વ્હીસ્કીની ૭૫૦ એમ.એલ.ની કાચની શીલબંધ બોટલ નંગ-૧૦૮, કિ.રૂા.૩૭,૮૦૦/- તથા સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન નંગ-૧, કિ.રૂા.૫૦૦/- એમ કુલ્લે રૂા.૮૮,૩૦૦/- નો મુદામાલ સાથે પકડાઈ ગયેલ આરોપીઓ વિરૂધ્ધ ભુજ શહેર બી ડિવિ. પો.સ્ટે. કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

તેમજ માધાપર તથા આજુબાજુના વિસ્તારમાંમાં પેટ્રોલીંગમાં રહેલ બીજી ટીમને ગડા પાટીયા પાસે રોડ પર, તા.ભુજ પાસે આવતા ખાનગી રાહે સચોટ બાતમી હકીકત મળેલ કે, ટ્રક નં.જી.જે.- ૧૨ એકસ-૩૧૪૬ વાળીમાં બે ઈસમો પુના (મહારાષ્ટ્ર) થી પાવડરની બોરીઓ ભરી આવે છે અને આ ટ્રકમાં હાજર બે ઈસમો મારફતે માંડવીના આશીષ ચંદ્રકાંત જોષી, રહે.મસ્કા, માંડવી વાળાએ ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈગ્લીશ દારૂનો જથ્થો મંગાવેલ છે અને ટ્રક ભચાઉ દુધઈ રોડે થઈ શેખપીર થઈ ભુજોડી રેલ્વે ફાટક થઈ માંડવી તરફ હાલમાં થોડા સમયમાં જ નીકળનાર છે તેવી બાતમી હકીકત મળતાં તુરંત જ વર્ક આઉટ કરી ભુજોડી પાટીયાથી પ્રાઈવેટ વાહનોમાં બેસી ભુજોડી રેલ્વે ફાટકથી થોડે આગળ ગડા પાટિયા પાસે આવી વોંચમાં રહેતા થોડા સમય બાદ બાતમી મુજબની ટ્રક નં.જી.જે.-૧૨ એકસ. ૩૧૪૬ વાળી શેખપીર તરફથી આવતાં તેને ગડા પાટીયા પાસે ઉભી રખાવી ચેક કરતા ટ્રકમાંથી ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂની કાચની એક લીટર વાળી મેકડોવેલ નં.-૧, રીઝર્વ વ્હીસ્કી ની કાચની બોટલો નંગ-૧૦ તથા પ્લાસ્ટીકની એક લીટર વાળી મેકડોવેલ નં.-૧, સેલીબ્રશન મેટર્ડ થ્રી એકસ રમ ની બોટલ નં.-૧૩ એમ કુલ્લે બોટલ-૨૩, કિ.રૂા.૧૧,૫૦૦/- ના પ્રોહિ મુદામાલ તથા પોતાના કબજાની ટ્રક નં.જીજે-૧૨, એ ક સ . ૩ ૧ ૪ ૬ કિં.રૂા.૭,૦૦,૦૦૦/- તથા ટ્રકની અંદરની પાવડરની બોરીઓ નં.૩૪૦, કિ.રૂા.૩૫,૧૦૬/- તથા મોબાઈલ ફોન નંગ-૨ કિં.રૂા.૩૫૦૦/- એમ કુલ્લે રૂા.૭,૫૦,૧૦૬/- નો મુદામાલ સાથે પકડાઈ ગયેલ આરોપીઓ વિરૂધ્ધ ભુજ શહેર બી ડિવિ. પો.સ્ટે. કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ બંને રેઇડ દરમ્યાન કુલ્લે કિં.રૂા. ૪૯,૩૦૦/- નો ભારતીય બનાવટનો પરપ્રાતીય ઈગ્લીશ દારૂ તથા અન્ય મુદામાલ કિં.રૂા.૭,૮૯,૧૦૬/- નો તપાસ અર્થે કબજે કરેલ. આમ આ બંને રેઈડ દરમ્યાન કુલ્લે કિં. રૂા.૮,૩૮,૪૦૬/- નો મુદામાલ કબજે કરી આગળની કાર્યવાહી કરવા માટે ભુજ શહેર બી ડીવીઝન પો.સ્ટે. તરફ મોકલી આપવામાં આવેલ છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં પાંચ જગ્યાએ આગ લાગી: અફડાતફડી મચી

ગાંધીનગર

રાજયામાં છેલ્લા ૨૪ કલાકમાં અલગ અલગ પાંચ જગ્યાઓ પર આગ લાગવાની ઘટના સામે આવી છે. જેમાં અમદાવાદમાં ઈન્ડિયન બેંક ATM, તો ડીસામાં મોબાઈલ દુકાન, જ્યારે નર્મદાના તિલકવાડામાં ફ્રયફ્રઝન્ના સબસ્ટેશનમાં, વલસાડ નજીક LPG ગેસ ભરેલ ટેક્કરમાં અને સુરતના ખજોડ ડાયમંડ બુર્શના સ્ટોરમાં એકાએક આગ લાગવાની ઘટના બની છે. આ ઘટનાઓમાં કોઈ પ્રકારની જાનહાનીના સમાચાર મળ્યા નથી.

અમદાવાદ

અમદાવાદના હેલમેટ સર્કલ પાસે આવેલી ઈન્ડિયન બેંકના છ્સ્માં અચાનક આગ લાગી હતી. જેના કારણે ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. રવિવાર અને વહેલી સવારે આગ લાગવાથી લાંબા સમય સુધી લોકોને આગની જાણ ન થઈ હતી. આગ કેમ લાગી તે હજુ જાણી શકાયું નથી. પણ ફાયરબ્રિગેડની પથી વધુ ગાડીઓએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો છે.

બનાસકાંઠા

બનાસકાંઠામાં ડીસાના કોલેજ રોડ પર સાંઈબાબા મંદિરના ગેટ સામે જગદંબા મોબાઈલની દુકાનમાં મોડી રાત્રે આગ લાગવાની ઘટના બની હતી. શોટ સર્કિટના કારણે દુકાનમાં આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ઘટનાની જાણ થતા ડીસા પાલિકાના ફાયર ફાઈટર સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવી લીધો હતો. દુકાનમાં આગ લાગવાથી માલ-સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

નર્મદા

નર્મદાના તિલકવાડા DGVCLના સબસ્ટેશનમાં શોર્ટ સર્કિટનાં કારણે આગ લાગી હતી. આગ લાગતાં પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતા. આગ લાગવના કારણે તાલુકાનાં ૯૮ ગામોમાં વીજપુરવઠો ખોરવાયો છે.

વલસાડ

વલસાડ નજીક મુંબઈથી અમદાવાદ આવી રહેલું LPG ગેસ ભરેલ ટેક્કરમાં આગ લાગી હતી. ટેક્કરમાં એલપીજી ગેસ હોવાથી આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આગની ઘટનાને પગલે ૬ ફાયર ફાઈટર સ્થળ પર પહોંચી ગયા હતા અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. હાઈવે પર ટેક્કરમાં આગ લાગવાનાં કારણે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી.

સુરત

સુરતના ખજોડ ડાયમંડ બુર્શના સ્ટોરમાં એકાએક આગ લાગી હતી. આગ લાગવાના કારણે લોકોમાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા ફાયરની પથી વધુ ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગને કારણે સ્ટોરનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

વડાપ્રધાને પ્રયાગરાજ કુંભમાં ડૂબકી લગાવી ગંગા પૂજન કર્યું

પ્રયાગરાજ

વડા પ્રધાન મોદી પ્રયાગરાજમાં યોજાઈ રહેલા કુંભ મેળામાં પહોંચ્યા છે. કુંભમાં તેમણે ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી યોગી આદિત્યનાથની સાથે ગંગા પૂજન કરી અને સંગમમાં ડૂબકી લગાવી હતી. વડા પ્રધાને ભગવો ધારણ કરી અને શાસ્ત્રોક્ત મંત્રોચ્ચારની વચ્ચે ગંગા પૂજન કર્યુ હતુ. પંચામૃત અને દૂધની ધારા ગંગામાં કરી અને વડા પ્રધાન મોદીએ પ્રયાગરાજના સંગમમાં પાંચ ડૂબકી લગાવની હતી. વડા પ્રધાનને ગંગામાં ડૂબકી લગાવી ત્યારે મીડિયાના કેમેરાને દૂર રાખવામાં આવ્યા હતા. તેમણે ગંગાના પૂજનની સાથે આરતી પણ કરી હતી. મંચ પર વડા પ્રધાન મોદીની સાથે ઉત્તર પ્રદેશના મંત્રીમંડળના સભ્યો અને કેન્દ્રીય નેતાગીરી ઉપસ્થિત હતી.

હળવદ સદ્ ભાવના શૈક્ષણિક સંકુલ માં 'સદભાવના કે સંગ' ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો



હળવદ સદ્ ભાવના શૈક્ષણિક સંકુલ ખાતે એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ સદ્ ભાવના કે સંગ યોજાયો સદ્ ભાવના શૈક્ષણિક સંકુલ સંસ્થાના પાંચ વર્ષ પુરા થતા ૨૩, ૨ ના શનિવારના રોજ સદ્ ભાવના કે સંગ એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો આ કાર્યક્રમમાં રણજીત ગઢ હરિકૃષ્ણ ધામ થી પધારેલ સંતો વિશ્વ વંદન સ્વામીજી ,ગુરુ ભક્તિ હરિદાસજી સ્વામી જી અને હળવદ લક્ષ્મીનારાયણ મંદિરના મહંત શ્રી દિપક મહારાજ વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી ત્યારબાદ સદ્ ભાવના સંસ્થાના દ્વય ગીરીશભાઈ લકુમ ટ્રસ્ટી પ્રવીણ ભાઈ કણજારીયા તમામ મહેમાનોનું સાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું સદ્ ભાવના સંકુલ વિશે માહિતી દિનેશભાઈ દલવાડીએ આપવામાં આવી આ કાર્યક્રમ માં સદ્ ભાવના સંસ્થાના તમામ ટ્રસ્ટીઓ આપી હાજરી કાર્યક્રમમાં ૫૦૦થી વધારે બાળકો દ્વારા ૧૮ જેટલી કૃતિઓ રજૂ કરવામાં આવી અને છેલ્લા ૫ વર્ષ માં ધોરણ ૧૦ અને ૧૨ વિદ્યાર્થીઓને ૧ થી ૩ નંબર મેળવેલ વિદ્યાર્થીઓ શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા સદ્ ભાવના સંકુલ ૧૧૦૦ વધારે વિદ્યાર્થીઓએ કાશ્મીર પુલવામાં વીર શહીદ થયેલા જવાનોને બે મિનિટ નું મૌન વ્રત પાડી આપવામાં આવી શ્રદ્ધાંજલિ આ કાર્યક્રમમાં ૭૦૦૦ જેટલા લોકોએ કાર્યક્રમ નિહાળ્યો હતો કાર્યક્રમ નું સંચાલન ચંદ્રકાંતભાઈ કણઝારીયા અને પ્રવીણ ભાઈ કણજારીયા પોતાની આગવી શૈલીમાં કર્યું હતું સાથે આભારવિધિમાં નંદલાલભાઈ જાંબુકિયા દ્વારા કરવામાં આવ્યું આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સદ્ ભાવના શૈક્ષણિક સંકુલ ના તમામ શિક્ષક ગણ ભારે જહેમત ઉઠાવી હતી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો

કેવાયસી અપડેટ કરવાના બહાને બેન્ક એકાઉન્ટમાંથી રૂપિયા ગાયબ કર્યા

સુરત

કેવાયસી અપડેટ કરવાના બહાને કતારગામની યુવતીના બેન્ક એકાઉન્ટમાંથી રૂપિયા ૯૯,૯૯૯ ગાયબ કરી દેવાયા હતા.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ કુંભારવાડમાં રહેતી વિકિશાબેન કેશવભાઈ પ્રજાપતિએ આરોપી બેન્ક ઓફ ઈન્ડિયા ગાંધીનગર બ્રાંચના મેનેજર દીપકભાઈ તરીકે ઓળખ આપનાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદી વિકિશાબેનને ફોન કરી કેવાયસી અપડેટ કરવાના નામે ઓટીપી કોડ લઈ ફરિયાદીના બેન્ક એકાઉન્ટમાંથી રૂપિયા ૯,૯૯૯ ટ્રાન્સફર કરી લીધા હતા. કતારગામ પોલીસે તપાસ હાથ ધરી છે.

મોધીબેન મકવાણા કન્યા છાત્રાલય ખાતે સ્ટેચ્યુ અનાવરણ કરાયું

સુરેન્દ્રનગર માં સ્વ.મોંઘીબેન ની પ્રતિમાં ની અનાવરણ ની વિધિ



સુરેન્દ્રનગરમાં આવેલ સ્વ.મોંઘીબેન શિક્ષણ શંકુલમાં આજે તેમની પ્રતિમા નું અનાવરણ કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસના આગેવાન અને રાજ્ય સભાના સભ્ય શ્રી અહેમદભાઈ પટેલ હાજર રહ્યા હતા. સંસ્થા દ્વારા પછાત સમાજની બાળાઓને ઉત્તમ શિક્ષણ અને સંસ્કાર નું સિંચન માટે કામ કરતી આ સંસ્થા કાર્ય કરી રહી છે.તે સંકુલમાં પર

પ્રતિમા અનાવરણ તેમજ કોમ્પ્યુટર હોલ, ભોજનલયની અર્પણ વિધિના કાર્યક્રમો યોજાયા હતા.જેમાં કોંગ્રેસના ધારાસભ્યો શ્રી નૌશાદ સોલંકી, સોમાભાઈ પટેલ, ઋત્વિજ ભાઈ, રાજુ ભાઈ પરમાર, શૈલેષભાઈ પરમાર તેમજ સંસ્થાના આગેવાનો અને કોંગ્રેસ ના કાર્યકર્તા હાજર રહ્યા હતા. અહેમદ પટેલે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે શિક્ષણ મહત્વનું છે. અને સંસ્થાના આગેવાનો તે માટે કાર્ય કરે છે. તે મહત્વનું છે. અને બેટી બચાવો બેટી પઢાવો તે કાર્ય સુંદર છે. અને તેને જાગૃત કરવું પણ જરૂરી છે. પણ ખરેખર સરકાર દ્વારા જાહેરાત માટે વધુ રૂપિયા ખર્ચાય છે. કોંગ્રેસનો અભિગમ સ્પષ્ટ છે કે રાષ્ટ્રના હીતમાં જે પગલાં ભરવામાં આવશે તેને સાથ સહકાર આપીશું. તેવી વાત પણ કરી હતી. કેન્દ્ર સરકાર દ્વારા પાકિસ્તાન નું પાણી બંધ કર્યું તે ખાલી જાહેરાત છે તેવી વાત પણ તેમને કહી હતી અને અગાવ પણ આવી જાહેરાત ૨૦૧૬ માં પણ કરી હતી.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
શરતોને આધીન
www.connectindians.in માં
આપનું રજીસ્ટ્રેશન કરાવો અને
૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી
આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

પાર્કિંગ-પોલીસીથી ટ્રાફિક સમસ્યાનું મહદ અંશે નિરાકરણ થશે : પો.કમિ.

સુરત

રાજ્યભરમાં અકસ્માતોનું પ્રમાણ ઘટે તથા લોકોની અમુલ્ય જિંદગીની સલામતી જળવાય તેવા આશયથી સરકાર દ્વારા જિલ્લા-મહાનગરોમાં રોડ સેફટી કાઉન્સીલની રચના કરવામાં આવી છે. જે અન્વયે પોલિસ કમિશ્નર સતીષ શર્માની અધ્યક્ષતામાં પોલિસ કમિશનર કચેરી ખાતે શહેર રોડ સેફટી કાઉન્સીલની બેઠક યોજાઇ હતી.

સૂરત શહેરમાં ટ્રાફિક, વાહનવ્યવહાર અને માર્ગ અકસ્માતોની સમસ્યાને નિવારી શકાય, લોકો ટ્રાફિકના નીતિ-નિયમોનું પાલન કરે, રોડ પર દબાણ કરનારા સામે દંડનીય કાર્યવાહી થાય તે માટે યોજાયેલી આ બેઠકમાં લોકો દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન થાય અને જનજાગૃતિ કેળવાય તે મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

બેઠકમાં પોલિસ કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, શહેરમાં પાર્કિંગ પોલિસીના કારણે ટ્રાફિક સમસ્યાનું મહદ અંશે નિરાકરણ આવશે. પાર્કિંગ પોલિસીના પ્રારંભે આમજનતાના હિતાર્થે શહેરીજનો અને વાહન ચાલકોએ મહાનગર પાલિકાને સાથ સહકાર આપવાની પણ અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ફાયર અને એમ્બ્યુલન્સ જેવા જાહેર હિત સાથે જોડાયેલા વાહનોને બી.આર. ટી.એસ. રૂટમાં પસાર થવાની મંજૂરી મળે તે માટે ટૂંક સમયમાં જ નિર્ણય લેવાશે. નાગરિકો જોડાઈને ટ્રાફિક નિયમો અને માર્ગ સલામતી પ્રત્યે જાગૃત્ત બને તેવા પ્રયાસો કરવા ઉપસ્થિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો. સચિનના જીઆવ બુડિયા રોડ પર રોંગ સાઈડથી આવતા વાહનોને દંડ સહિત ડીટેઈન કરવાની કાર્યવાહી કરવા કહ્યું હતું. તેમણે ટ્રાફિક નિયમ ભંગ કરનાર વાહનધારકો સામે દંડનાત્મક કાર્યવાહી કરવા અંગે સબંધિત અધિકારીઓને કેટલાક રચનાત્મક સૂચનો કર્યા હતા.

સુરત એ.આર.ટી.ઓ. શ્રી ડી.કે. ચાવડાએ જણાવ્યું હતું કે, ટ્રાફિક પોલીસ દ્વારા લોકોમાં ટ્રાફિક નિયમોનું પાલન, કાયદાકીય જોગવાઈઓ સંબંધિત જાણકારી આપવાના કાર્યક્રમો યોજવામાં આવે છે. સ્કૂલ કોલેજો દ્વારા પણ વિદ્યાર્થીઓમાં ટ્રાફિકના નિયમો અને જાણકારી આપવામાં આવે તે માટે શાળાઓને ટ્રાફિક પોલીસ દ્વારા પ્રેરિત કરવામાં આવે છે. તેમણે રાજયના વાહનવ્યવહાર વિભાગ અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સંદર્ભે એક્શન ટ્રાફિક, પોલિસ જેવા મહત્વના સંલગ્ન વિભાગો તરફથી એક્શન પ્લાન ઘડવામાં આવશે, જે મુજબ વિભાગોની કામગીરીની સમીક્ષા કરી પરિણામલક્ષી કામગીરી કરવામાં આવશે.

આ બેઠકમાં જોઈન્ટ પોલિસ કમિશનરશ્રી મુલિયાણા, વરિષ્ઠ પોલિસ અધિકારી ડો.સુધીર દેસાઈ, ટ્રાફિક એ.સી.પી.શ્રી ઝેડ.એ. શેખ, સુરત મહાનગર પાલિકા, પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, નવી સિવિલ હોસ્પિટલ, ગ્રાહક સુરક્ષા, માર્ગ અને મકાન, એસ.ટી. વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

માંડવીમાં કતલખાને લઈ જવાતી ૧૩ ભેંસને પોલીસે ઉગારી

સુરત

ટેમ્પોમાં ફરતા યુવકે ભરી કતલખાને લઈ જવાતી ૧૩ ભેંસને માંડવી પોલીસે ઉગારી લઈ ડ્રાઈવર ક્લીનરની ધરપકડ કરી હતી.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર માંડવી પોલીસે બાતમી આધારે ૧૩ ભેં.સોને કતલખાને લઈ જતા ટેમ્પો નંબર જીજે-૦૬-એએક્સ ૧૮૨૦ને ઝડપી પાડયો હતો. તમામ ભેંસને ટેમ્પોમાં દોરડા વડે કૂરતા પૂર્વક બાંધી કતલખાને લઈ જવાતી હતી. પોલીસે ડ્રાઈવર નીતિન દિલીપભાઈ ગામીત રહે. ઝાંખરી ગામ, આશ્રમ ફળિયુ. વ્યારા અને ક્લીનરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

મનપાના પાલનપુર-લખપતિ હેલ્થ સેન્ટરને એવોર્ડ એનાયત

સુરત

ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ગુજરાતના તમામ ગ્રામીણ તથા કોર્પોરેશનના શહેરી આરોગ્ય કેન્દ્ર/સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા સરકારી હોસ્પિટલને ક્વોલિટી એસ્યોરન્સ પ્રોગ્રામ અંતર્ગત ૬ અલગ અલગ કેટેગરીમાં ચકાસણી કરવામાં આવેલ. ઉપરોક્ત પ્રોગ્રામ અંતર્ગત ગુજરાત રાજ્યની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સુરત મહાનગરપાલિકાના તમામ અર્બન હેલ્થ સેન્ટર-અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમની ચકાસણી કરવામાં આવેલ. જેમાં સૌપ્રથમ સુરત મહાનગરપાલિકાની તમામ હેલ્થ સેન્ટરો તથા મેટરનીટી હોમ ખાતે ઈન્ટરનલ અને પીયરએસેસમેન્ટ હાથ ધરવામાં આવેલ હતું. ત્યારબાદ રાજ્ય સરકારની ટીમ દ્વારા એક્ષટર્નલ એસસ્મેન્ટ થયેલ, જેનું પરિણામ તા.૨૧-૨-૨૦૧૯ના રોજ ગુજરાત સરકાર દ્વારા જહેર કરાતા ગુજરાત રાજ્યના કુલ ૭ શહેરી તથા ગ્રામીણ હેલ્થ સેન્ટરોને Kayakalp clean Hospital awards આપવાની જાહેરાત કરવામાં આવી જેમાં સુરત મહાનગરપાલિકાના બે, પાલનપુર અર્બન હેલ્થસેન્ટરનેહેલ્થ સેન્ટરની કેટેગરીમાં ૯૬ ટકા માર્ક્સ સાથે પ્રથમ તથા લખપતિ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમને મેટરનીટી હોમ કેટેગરીમાં ૯૬ ટકા માર્ક્સ સાથેપ્રથમ ઓર્ડઆપી ઉપરાંત દરેક બંને હેલ્થ સેન્ટરને ઈનામ પુરસ્કાર રૂપે રૂા.૨ લાખની ઈનામી રાશી પણ આપવામાં આવેલ છે.



ધોડીપાડા ખાતે પ્રજાકીય પ્રશ્નો નિવારણ કરવાના આયોજન અંગે બેઠક મળી

વલસાડ: વલસાડ જિલ્લામાં પ્રજાકીય પ્રશ્નોના નિવારણ કરવાના આયોજન અંગે વન અને આદિજાતિ રાજયમંત્રી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને ધોડીપાડા ખાતે તેમના નિવાસસ્થાને મળી હતી. આ બેઠકમાં વીજબીલ માફી અંગે દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા તા.૧લી માર્ચના રોજ ધોડીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં લાભાર્થીઓ હાજર રહે તેવી વ્યવસ્થા કરવા સહિત ગ્રામ્યસ્તરે વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે સરપંચોને પ્રમાણિકપણે જવાબદારી નિભાવવા જણાવ્યું હતું. આ ઉપરાંત ગામોમાં થતા વિકાસકાર્યો યોગ્ય રીતે થાય તેની દેખરેખ રાખવા પણ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ તા.૨જી માર્ચે યોજાનાર રેલીમાં ગામેગામથી લોકોની ઉમટી પડે તે પ્રકારની વ્યવસ્થા કરવા અનરોધ કર્યો હતો. આ અવસરે ઉમરગામ તાલુકાના ગામોના સરપંચ, અગ્રણીઓ વગેરે હાજર રહયા હતા.

ક્રિકેટ રમતી વખતે બે જુથો વચ્ચે અથડામણ, ઘટના સીસીટીવીમાં કેદ

સુરત

ઉધનામાં સંજય નગર ઝુપડપટ્ટી પાસે ક્રિકેટ રમતી વખતે થયેલા ઝઘડાના સમાધાન માટે ભેગા થયેલા બે કોમના જુથો ગત રવિવારે સામ-સામે આવી ગયા હતા. ગાળાગાળી થતા લાકડાના ફટકા વગેરેથી હુમલો કર્યા બાદ પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેના સીસીટીવી સામે આવ્યા છે. હાલ પોલીસે સીસીટીવી આધારે વધુ તપાસ હાથ ધરી છે.

ગત શનિવારે સંજયનગર ખાડી કિનારે ક્રિકેટ રમતી વખતે કમા અને અન્ય છોકરાઓનો કેટલાક છોકરાઓ સાથે ઝઘડો થયો હતો. તે ઝઘડાના સમાધાન કરવા માટે રવિવારે સવારે કમો, સનિયો અને કમલેશ તથા તેના સમાજના કેટલાક યુવાનો સંજયનગર ઝુપડપટ્ટી પાસે સામેવાળા સદામ,રહેમાન,અજ્જુ, લાલા ભૈયા વગેરે હાજર હતા. ત્યારબાદ બંને કોમના લોકો વધી ગયા હતા. વાતચીત દરમિયાન સમાધાન કરવાની જગ્યાએ ઝઘડો વધી ગયો હતો.ત્યારે કમલેશ,સનિયા વગેરે પર સામેવાળાઓએ લોખંડના પાઈપ અને પથ્થરોથી હુમલો કર્યો હતો. તેથી કમલેશ અને તેમના સમાજના લોકોએ પણ સામે પથ્થરમારો કર્યો હતો. તે દરમિયાન કોઈએ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પોલીસે બળ પ્રયોગ કરતા લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. આ બાબતે કમલેશ ઘેરાસલાટ(રહે. સંજયનગર ઝુપડપટ્ટી,ઉધના)એ ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અને સીસીટીવી આધારે પોલીસ તપાસ હાથ ધરી છે.











તંત્રી સ્થાનેથી...

કાયદા સાથે રમત જારી

દેશમાં પ્રભાવશાળી નેતા કાયદાઓ સાથે ચેડા કરતા રહ્યા છે. વિતેલા વર્ષોમાં પણ ચેડા થયા હતા અને આજે પણ થઈ રહ્યા છે. ક્યારેક એન્ડરસન તો ક્યારેય ક્વાત્રોચી ક્યારેય લલિત મોદી, ક્યારેય વિજય માલ્યા અને હવે હિરા કારોબારી નીરવ મોદીએ આ તથ્ય પર મંજુરીની મહોર મારી દીધી છે કે જો પ્રભાવશાળી લોકો આપની પાસે છે અથવા તો આપના ખિસ્સામાં વધારે પૈસા છે તો દેશના કાયદા આપનુ કશુ જ કરી શકવાની સ્થિતીમાં નથી. કેટલા પણ કોંભાડ કરી લો, બેંકોના પૈસા લઈને ખાઈ જાઓ, તો પણ આપનુ કઈ પણ ખરાબ થઈ શકે તેમ નથી. એવુ બની શકે છે કે દેખાડવા પુરતુ સેબી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને નાણાં મંત્રાલય એક બે નોટીસ ફટકારી દે પરંતુ હકીકતમાં કોઈ પગલા લેવાની સ્થિતી નથી. હજારો કરોડ રૂપિયાની લોન લઈને નહી ચુકાવ્યા હોવા છતાં વિજય માલ્યા વિદેશ ફરાર થઈ ગયા હતા. હવે નીરવ મોદી પીએનબી ફ્રોડ બાદ વિદેશ ફરાર થઈ ગયા છે. નીરવ મોદીએ સાબિતી આપી દીધી છે કે આવા મામલામાં તમામ સરકારોનુ વલણ એક સમાન રહે છે. લલિત મોદી જ્યારે વિદેશ ભાગી ગયા ત્યારે કેન્દ્રમાં મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકાર હતી અને જ્યારે વિજય માલ્યા અને નીરવ મોદી વિદેશમાં ફરાર થઈ ગયા છે ત્યારે કેન્દ્રમાં મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર છે. લલિત મોદીના મામલે ભાજપ દ્વારા આજ સુધી યુપીએ સરકાર પર પ્રહારો કર્યા હતા. ભાજપે એવા આક્ષેપ કર્યા હતા કે યુપીએના શાસનમાં લલિત મોદી વિદેશ ફરાર થઈ ગયા હતા. હવે જ્યારે માલ્યા અને નીરવ મોદી વિદેશ ભાગી ગયા છે ત્યારે કેન્દ્રમાં મોદી સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યા છે. હેરાન કરનાર બાબત એ છે કે નીરવ મોદી, લલિત મોદી અને માલ્યા એક દિવસમાં ભાગી ગયા નથી. લાગે છે કે બન્નેને ભાગી જવા માટે પુરતી તક આપવામાં આવી હતી. પરેશાન કરનાર બાબત એ છે કે આટલો હલ્લો થયો હોવા છતાં નીરવ મોદી અને માલ્યાને ભાગી જવાની તક કઈ રીતે મળી ગઈ હતી. નીરવ મોદી, માલ્યાને રોકવાના પ્રયાસ કેમ કરવામાં આવ્યા ન હતા. નીરવ મોદી તો સમગ્ર મામલો ખુલે તે પહેલા જ વિદેશ જતા રહ્યા હતા. જ્યારે ૧૭ બેંકો દ્વારા માલ્યાને વિદેશ જતા રોકવાની માંગ કરીને સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જો કે માલ્યા અરજી કરવામાં આવે તે પહેલાજ ફરાર થઈ ગયા હતા. એટલે કે માલ્યાને આ અંગે માહિતી હતી કે તેમને વિદેશ જતા રોકવામાં આવી શકે છે. જેથી તેઓ પહેલાથી જ ફરાર થઈ ગયા હતા. આ માત્ર નીરવ મોદી, લલિત મોદી અને માલ્યાની વાર્તા નથી. દેશમાં મોદી અને માલ્યા જેવા કેટલાક મોટા નામ હમેંશા સપાટી પર આવતા રહ્યા છે. જે બેંકોના અથવા તો દેશની જનતાના નાણાને લઈને વિદેશ ફરાર થઈ ગયા હતા. અને આજે પણ વિદેશમા કોઈ જગ્યાએ મૌજ કરી રહ્યા છે. આમાંથી કોઈ ડિફોલ્ટર થઈને કાયદાના સકંજામાંથી ભાગી રહ્યા છે. જ્યારે અન્ય કોઈ વિદેશમાં જઈને કાયદા સાથે રમત રમી રહ્યા છે. બેંક મેનેજમેન્ટ પોતાના પૈસાની વસુલી નહી થવાના કારણે હેરાન પરેશાન છે. પરંતુ વસુલી કઈ રીતે થાય તેનો રસ્તો મળી રહ્યો નથી.

કાયદા સાથે ચેડા કરીને વિદેશ ફરાર થયા બાદ આ લોકો સામે કાર્યવાહી મુશ્કેલ છે

વ્યુહરચના : પાકિસ્તાન સામે રણનિતી મુજબ પ્રતિક્રિયા જરૂરી છે

પાકિસ્તાન પ્રત્યે ભાવુકતા યોગ્ય નથી



પાકિસ્તાન પ્રત્યે વર્તન કોઈ પ્રકારની ઘટનાની પ્રતિક્રિયા અને રાજકીય પક્ષોના વલણ પર આધારિત રહેવુ જોઈએ નહીં : કઠોર વલણ જરૂરી

જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે ૧૪મી ફેબ્રુઆરીના દિવસે સીઆરપીએફના કાફલા પર કરવામાં આવેલા ભીષણ આત્મઘાતી હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા બાદ આ હુમલાના ઘા હજુ ભરાયા નથી. હજુ તો શહીદોના ઘરમાં માતાઓ. પુત્રીઓ અને પુત્રોના આંસુ પણ બંધ થયા નથી. હજુ તો પુત્રો અને પિતાને વિશ્વાસ પણ થઈ રહ્યો નથી કે તેમના ઘરમાં ઉજાશ રાખનાર વ્યક્તિ હવે હમેંશા માટે જતા રહ્યા છે. આવુ એટલા માટે છે કે જે શહીદ થયા છે તે તેમના પોતાના હતા. પરંતુ એ ૫૦ જવાનો જે તેમના ન હતા તેઓ તેમના મૃત્યુ બાદ પોત પોતાની રીતે પોતાની રાજનીતિમાં લાગી ગયા છે. પાર્ટીઓ કઈ રીતે એકબીજા પર આક્ષેપબાજી કરી રહી છે તે દુખદ છે. રાજનેતાઓને સાંભળીને અને જોઈને દુખ થાય છે કે રાજનીતિ આટલી હદ સુધી નીચે જઈ શકે છે. જનતાની નારાજગીનો અંદાજ એ બાબતથી લગાવી શકાય છે કે તેમને સાચી અને ખોટી બાબત પણ સમજાઈ રહી નથી. કેટલાક લોકોએ તો દેશના જુદા જુદા ભાગોમાં રહેતા કાશ્મીરી યુવાનો પર હુમલા કરી દીધા છે. સોશિયલ મિડિયા પર જેર ફેલાવવામાં આવી રહ્યુ છે. સ્ટેડિયમ અને ક્લબોમાં પાકિસ્તાની ખેલાડીઓના ફોટાઓ દુર કરી દેવામાં આવ્યા છે. બોલિવુડે પાકિસ્તાની કલાકારો અને ગાયકો પર પ્રતિબંધ મુકી દીધા છે. પાકિસ્તાન પાસેથી મોસ્ટ ફેરવર્ડ નેશનનો દરજ્જો પરત લઈ લેવામાં આવ્યો છે. બંને દેશો વચ્ચે વેપારને બંધ કરી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્રિય પ્રધાન નીતિન ગડકરીએ પાકિસ્તાન તરફ જતી ત્રણ નદીઓના પાણીને રોકવા માટેની પણ જાહેરાત કરી દીધી છે. આ બાબતને લઈને પણ જોરદાર ચર્ચા છે કે પાકિસ્તાન સામે આગામી દિવસોમાં કોઈ મેચ રમવી જોઈએ નહીં. હવે પ્રશ્ન એ થાય છે કે શુ અમારી આ તમામ પ્રતિક્રિયા વાજબી છે. આમાં કોઈ બે મત નથી કે ત્રાસવાદી હુમલાના કારણે અમે હચમચી ઉઠ્યા છીએ. અમે અમારા એક પણ જવાન શહીદ થાય તે ચલાવી લેવાની સ્થિતીમાં નથી. પુલવામા ખાતે તો ૫૦ જવાન શહીદ થયા છે. સામાન્ય રીતે કેટલીક બાબત પર હવે ધ્યાન આપવાની જરૂર છે. વર્ષ ૨૦૧૩ બાદ સૌથી મોટી સ્થિતી એ ઉભી થઈ છે કે કેન્દ્રમાં સત્તા બદલાઈ ગઈ છે. સત્તા બદલાતાની સાથે જ જમ્મુ કાશ્મીરને લઈને સરકારના વર્તનમાં ફેરફાર જોવા મળે છે. આ ફેરફારને સ્પષ્ટ રીતે બે ભાગમાં વિભાજિત કરી શકાય છે. પહેલી સ્થિતી એ છે કે વર્ષ ૨૦૧૩ સુધી ત્રાસવાદી ઘટના ઓછી થતી હતી. ઓછા નાગરિકોના મોત થઈ રહ્યા હતા. સેનિકો પણ ઓછા શહીદ થઈ રહ્યા હતા. ત્રાસવાદી પણ ઓછા મરી રહ્યા હતા. વર્તમાન સ્થિતીમાં દરેક આંકડા પહેલા કરતા બે ગણા છે. ભારત એક શાંતિપૂર્ણ દેશ છે. ભારતે હમેંશા તેની તાકાત પ્રગતિ માટે લગાવી છે. જેની અસર જોઈ શકાય છે. આજે ભારત સમગ્ર વિશ્વમાં વિકાસના મામે ડંકો ધરાવે છે. ઉર્જા પ્રગતિમાં લગાવી દીધી બાદ તેની સ્થિતી જોઈ શકાય છે.

આજે વિકાસના મામલે વિશ્વમાં સૌથી ઝડપથી ભારત કુચ કરે છે. બીજી બાજુ પાકિસ્તાન આજે આર્થિક રીતે ખુબ ખરાબ હાલતમાં છે. જેથી જ્યાં સુધી ભારતને જ્યાં સુધી યુદ્ધ અને ઉગ્રતાની ફરજ ન પડે ત્યાં સુધી ધૈર્ય રાખવાની જરૂર છે. કારગીલની લડાઈમાં સરકારી આંકડા મુજબ અમારા ૫૦૦થી વધારે જવાનો શહીદ થયા હતા. મુંબઈમાં ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ ૧૮૦ લોકોના મોત થયા હતા. અમે પાકિસ્તાનને આપવામાં આવેલા મોસ્ટ ફેવર્ડ નેશનના દરજ્જાને પરત ખેંચી ચુક્યા છીએ. શુ પુલવામા હુમલો કારગીલ અને મુંબઈ હુમલા કરતા મોટો હુમલો છે. થોડાક રોકાઈને વિચારવાની જરૂર છે. વિચારવાની જરૂર એ પણ છે કે પાકિસ્તાનમાં એક્ટિવલ ત્રાસવાદી સંગઠનો પર પોતાની સુવિધા મુજબ જ કેમ વાત કરવામાં આવે છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકાર હાલમાં ચાલી રહી છે. તેના વિજનથી સરકાર ચાલી રહી છે. વાજપેયી જ્યારે વડાપ્રધાન હતા ત્યારે પાકિસ્તાન પ્રત્યે ભારતનુ વલણ અલગ હતુ. મોદી વડાપ્રધાન બન્યા બાદ અલગ વર્તન છે. વર્ષ ૨૦૧૪માં પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને ભારત બોલાવીને અને આગામી વર્ષે ૨૦૧૫માં કાર્યક્રમ વગર પાકિસ્તાન પહોંચી જઈને નવાઝ શરીફને મળ્યા હતા. મિત્રતા પણ દર્શાવી હતી. એ વખતે પણ જેશનો લીડર મસુદ અઝહર તો પાકિસ્તાનમાં જ હતો. આ તમામ બાબતો કેટલીક અસ્પષ્ટ નીતિ તરફ ઈશારો કરે છે.

તમામ નિષ્ણાંત લોકો માને છે કે પાકિસ્તાન પ્રત્યે ભારતનુ વલણ , ત્રાસવાદી સામે લડવાને લઈને અમારી કટિબદ્ધતા અને ત્રાસવાદી હુમલા પર અમારી પ્રતિક્રિયા સમજીને નક્કી કરવામાં આવેલી રણનિતી મુજબ હોય તે જરૂરી છે. પાકિસ્તાન પ્રત્યે ભારતનુ વર્તન કો�ઈ પ્રકારની ભાવુકતા પર આધારિત રહેવુ જોઈએ નહીં. સાથે સાથે કોઈ ઘટનાની પ્રતિક્રિયા પર આધારિત પણ રહેવુ જોઈએ નહીં.

૨૨૦થી વધુ ત્રાસવાદીઓનો ખાતમો કરાયો

ત્રાસવાદીઓ સામે જંગ તીવ્ર

જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓ સામે હાલના વર્ષોમાં વધુ તીવ્ર બનાવીને તેમનો સફાયો કરવાની શરૂઆત કરવામાં આવી છે. સ્વાભાવિક છે કે આના કારણે અમને નુકસાન પણ વધારે થયુ છે. જો કે સુરક્ષા જવાનો જોરદાર કાર્યવાહીમાં લાગેલા છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના આંકડા મુજબ જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી ઘટનાઓ વર્ષ ૨૦૧૪ બાદથી વર્ષ ૨૦૧૯ સુધી સતત વધી છે. વર્ષ ૨૦૧૩માં ૧૭૦ ત્રાસવાદી ઘટના બની હતી. જ્યારે આ સંખ્યા વર્ષ ૨૦૧૭માં વધીને બે ગણી થઈ ગઈ હતી. સંખ્યા વધીને ૩૪૨ સુધી પહોંચી ગઈ હબતી. આ ગાળા દરમિયાન શહીદ થયેલા જવાનોની સંખ્યા ૫૩થી વધીને ૮૦ ઉપર પહોંચી ગઈ હતી. વર્ષ ૨૦૧૮માં પણ મોટી સંખ્યામાં જવાનો શહીદ થયા હતા. આવી જ રીતે વર્ષ ૨૦૧૯માં પ્રમાણમાં વધારે જવાન શહીદ થયા છે. એકલા ફેબ્રુઆરી મહિનામાં ૫૦થી વધારે જવાન શહીદ થયા છે. માર્યા ગયેલા નાગરિકોની સંખ્યા પણ હવે વધીને ૪૦થી વધારે થઈ ગઈ છે. ચોકક્સ પણે માર્યા ગયેલા જવાનોની સંખ્યા વધી છે પરંતુ ત્રાસવાદીઓનો સફાયો કરવામાં આવ્યો છે. ત્રાસવાદી સંગઠનોની કમર તોડી નાંખવામાં આવી છે. તમામ ત્રાસવાદીઓ હવે પોતાના અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. ત્રાસવાદીઓને શોધી શોધીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવી રહ્યા છે. આવી સ્થિતીમાં નુકસાન પણ થયુ છે. જો કે હમેંશા માટે શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે હાલમાં પુલવામાં ખાતે સીઆરપીએફના કાફલા પર ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યોહતો. જેમાં ૪૦ જવાન શહીદ થયાહતા. જેશે મોહમ્મદ દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. તાજેતરના વર્ષોમાં સૌથી મોટા હુમલાને ત્રાસવાદીઓ દ્વારા અંજામ આપવામાં આવ્યા બાદ દેશભરમાં લોકોમાં પહેલાથી આક્રોશ છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે ત્રાસવાદીઓ દ્વારા ગુમરીતે બીછાવવામાં આવેલી જાળ હેઠળ આ ભીષણ હુમલાને અંજામ આપવામાં આવ્યો હતો જેમાં સીઆરપીએફના જવાનો ફસાયા હતા. ઉરીમાં સપ્ટેમ્બર ૨૦૧૬માં આતંકવાદી હુમલા બાદ સુરક્ષા દળો પર આને સૌથી મોટા હુમલા તરીકે ગણવામાં આવે છે. શ્રીનગર-જમ્મુ હાઈવે ઉપર સ્થિત અવન્તીપોરા વિસ્તારમાં આ હુમલો થયો હતો. આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદે હુમલાની જવાબદારી સ્વીકારી લીધી હતી. વિસ્ફોટક સાથે ભરેલી એક ગાડીને લઈને જૈશના ત્રાસવાદી આદિલે સીઆરપીએફ જવાનોના કાફલાની બસમાં અથડાવી હતી. હુમલા બાદ જવાનોએ પણ કાર્યવાહીના પ્રયાસ કર્યા હતા પરંતુ અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. કાફલાની જે બસને ત્રાસવાદીઓએ ટાર્ગેટ બનાવી હતી તેમાં ૪૪ જવાનો હતા. જે કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યો તે જમ્મુથી શ્રીનગર જઈ રહ્યો હતો તેમાં ૨૦૦૦ જવાનો હતા

વધુ ટીવી જોવાથી અનેક રોગ

વધારે સમય સુધી અથવા તો સતત કલાકો સુધી ટીવીને નિહાળવાથી માત્ર આંખને જ નુકસાન નથી બલ્કે કેટલાક રોગ થવાનો પણ ખતરો છે. વધુ સમય સુધી ટીવી જોવાથી ટાઈપ-૨ ડાયાબિટીસ થવાનો પણ ખતરો રહેલો છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં આ મુજબની ચોંકાવનારી વાત કરવામાં આવી છે. હાર્ડવર્લ્ડ સ્કૂલ ઓફ પલ્બીક હેલ્થ (એચએસપીએચ) દ્વારા કરવામાં આવેલા નવા અભઅયાસમાં સંકેત કરવામાં આવ્યો છે કે લાંબા સમય સુધી ટીવી નિહાળનાર લોકોને ટાઈપ-૨ ડાયાબિટીશ, હાર્ટ સાથે સંબંધિત રોગ થવાનો ખતરો વધી જાય છે. આ ઉપરાંત કમોત થવાનો ખતરો પણ વધી જાય છે. હાર્ડવર્લ્ડ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના અભ્યાસમાં સ્પષ્ટ પણે જણાવી દેવામાં આવ્યું છે કે ટીવી નિહાળવાના સમયમાં ચોક્કસપણે બ્રેક મૂકવામાં આવે તે જરૂરી છે. આનાથી હાર્ટના રોગ થવાનો ખતરો ઘટે છે. એચએસપીએચ ખાતે ન્યૂટ્રીશન અને ઈપીડેનીયોલોજીના પ્રોફેસર ફેન્ક હુએ જણાવ્યું છે કે શારીરિક પ્રવૃત્તિના સ્તરને વધારવાની જરૂર નથી. જુદી જુદી રીતે વર્તનમાં ફેરફાર કરવામાં આવે તે જરૂરી છે. ખાસ કરીને લાંબા સમય સુધી ટીવી નિહાળવાથી ખતરો વધી જાય છે. ૧૯૭૧થી ૨૦૧૧ વચ્ચેના ગાળામાં તૈયાર કરવામાં આવેલા અભ્યાસના તારણોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. અગાઉના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વધારે સમય સુધી ટીવી નિહાળવાથી ટાઈપ-૨ ડાયાબ્રીટિશ, હાર્ટ સાથે સંબંધિત રોગ અને અન્ય બિમારીઓનો ખતરો વધી જાય છે.

ચેતવણી : હાર્ટ સંબંધિત બિમારી પણ થઈ શકે

કામની વાત : માત્ર એક સજ્ઞ ઈરાદાથી વ્યક્તિને જરૂર હોય છે...

મજબુત ઈરાદાથી ધુમ્રપાન છોડી શકાય

એમ કહેવામાં આવે છે કે જુની ટેવ ખુબ મુશ્કેલથી છુટે છે. પરંતુ આનો મતલબ એ નથી કે જુની અને ખરાબ ટેવને છોડી શકાય નહી. ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. એક કઠોર અને સજ્ઞ નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે. સિગારેટ, બીડી અથવા તો શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે. ધુમ્રપાન અને શરાબની ખોટી ટેવને છોડી દેવા માટે એક મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. જો મજબુત ઈરાદા સાથે આગળ વધવામાં આવે તો મંજિલ નજીક દેખાઈ શકે છે. વિલ પાવરને અથવા તો ઈચ્છાશક્તિને મજબુત કરવાની સૌથી પહેલા જરૂર રહે છે. જો વિલ પાવર મજબુત રહેશે તો જ આની સામે લડત મેળવી શકાય છે. કેટલીક દેશી અને વિદેશી શોધમાં આ વાત નિકળીને સપાટી પર આવી છે કે મન પર નિયંત્રણ કરીને આપને જુની ટેવ છોડવામાં મદદ મળી શકે છે. જ્યારે પણ ધુમ્રપાનની તલબ લાગે છે ત્યારે અન્ય ચીજોનો ઉપયોગ કરવામા આવી શકે છે. અન્ય ખરાબ ટેવને છોડવા માટે ધીમે ધીમે પ્રયાસ કરવા જોઈએ. ખાવાની ટેવને ધીમે ધીમે છોડવાની જરૂર હોય છે. એકદમ બંધ કરી દેવાથી નુકસાન થઈ શકે છે. કારણ કે લોહીમાં નિકોટીનના પ્રમાણમાં ક્રમશ બંધ કરવાની જરૂર હોય છે. નિકોટિન ચ્યુઈંગમ પણ સારા વિકલ્પ તરીકે રહી શકે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ધુમ્રપાનના કારણે અન્યોને નુકસાન થાય છે. આપની આસપાસના લોકો અને બાળકોને પણ નુકસાન થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે પેસીવ ધુમ્રપાન બાળકોમાં બેરાશ લાવવામાં ભૂમિકા ભજવે છે. અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોના શરીરમાં ધૂમ્રપાનની ખૂબ જ માઠી અસર થાય છે. આ પ્રકારના ધૂમ્રપાનથી કેટલીક ગંભીર પ્રકારની આરોગ્યની તકલીફ ઊભી થાય છે. તે પ્રકારના તારણો પહેલાંથી જ બહાર આવી ચૂક્યા છે. હવે નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સેકન્ડ હેન્ડ સ્મોકના કારણે પણ ટીનેજરો ઉપર માઠી અસર થાય છે. આવા ધૂમ્રપાનથી બાળકોમાં સાંભળવાની શક્તિ જતી રહેવાનો ખતરો રહે છે. ૧૨થી ૧૯ વયના ૧૫૦૦ જેટલા લોકોને આવરી લઈને ન્યૂયોર્ક યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સેકન્ડ હેન્ડ સ્મોકના કારણે ગ્રસ્ત બાળકો સાંભળવાની શક્તિ વધારે ગુમાવે છે. વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે પેસિવ સ્મોકિંગથી એક એવા વિસ્તારને બ્લડ સપ્લાયને અસર કરે છે જે દરેક વ્યક્તિ માટે ખૂબ જ ઉપયોગી હોય છે અને આ વિસ્તાર વ્યક્તિની ભાષા સમજવા અને સાંભળવાની શક્તિને સક્ષમ રાખવામાં ભૂમિકા ભજવે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નાના બાળકો ધરાવતા માતાપિતા પૈકીના ઘણા માતાપિતા બાળકો ઘરે અભ્યાસ કરે છે ત્યારે અથવા તો રમતા હોય છે ત્યારે ઘરમાં ધૂમ્રપાન કરે છે. આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોનું સ્કૂલમાં વર્તન પણ અશાંત રહે છે. શિક્ષણમાં પણ નબળા હોય છે. ભણવામાં નબળા હોવાના કારણો જાણવા મળ્યા નથી. તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યની ઘણી સમસ્યાઓ ધૂમ્રપાનને લીધે ઊભી થાય છે. અસ્થમા, હાર્ટના રોગ, ફેંફસાના કેન્સર સહિતના ઘણા ગંભીર રોગ ધૂમ્રપાનના કારણે થાય છે તેવા અહેવાલ પહેલેથી જ આવી ચૂક્યા છે. આ અભ્યાસ કરતી વેળા સંશોધકોએ ટીનેજરોની સાંભળવાની વ્યાપક પ્રવૃત્તિમાં અભ્યાસ કર્યો હતો. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સ્મોકર્સ ડાઈટ સ્મોકિંગથી થનાર આડ અસરને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ જ કારણસર જો કોઈ વ્યક્તિ ધૂમ્રપાનથી ગ્રસ્ત છે તો સ્વસ્થ રહેવા માટે સ્મોકર્સ ડાઈટ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિને ધૂમ્રપાન કરવાની ટેવ પડી ગઈ છે તો સૌથી પહેલાં તેને છોડી દેવાના પ્રયાસ કરવા જોઈએ. અલબત્ત આમા સમય લાગી શકે છે પરંતુ ત્યાં સુધી તેની આડ અસરથી બચી શકાય છે. ડૉ. વિજય કે એસ શુક્લાનું કહેવું છે કે ધૂમ્રપાન કરવાથી કેન્સર, હાર્ટના રોગ, ડાયાબિટીશ, સ્ટ્રોક, કોલ્ડ અને કફ જેવી તકલીફ થઈ શકે છે. સામાન્ય રીતે આ તમામ તકલીફો ધૂમ્રપાન વધુ કરવા અને પોષક તત્ત્વોનો ઓછો ઉપયોગ કરવાથી થાય છે. સ્મોકિંગ પછી શરીરમાં વિટામીન સી અને ઈ, ઝીંક, કેલ્સિયમ, ફ્લોટ અને ઓમેગા થ્રીની અછત ઊભી થઈ જાય છે. આવી સ્થિતિમાં ખાવા પીવાની ચીજવસ્તુઓ મારફતે આવી ચીજોનો ઉપયોગ કરવામાં આવે તો શરીરને નુકશાન થવાની તકો ઘટી જાય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે દરરોજ ૧૦૦૦ મિલીગ્રામ વિટામીન સી લેવાથી ધુમ્રપાનના ૪૫ ટકા જોખમી પરિબળો ઘટી જાય છે. આ તમામ બાબતથી બચવા માટે ધુમ્રપાનને છોડી દેવાની જરૂર છે.

આ 'ઘડિયાળ'નો સમય સારો નથી ચાલી રહ્યો

આ 'ઘડિયાળ'નો સમય સારો નથી ચાલી રહ્યોઆપૃથ્વી પર ઘડિયાળ એ મગરની અત્યંત પ્રાચીન જાતિ છે. મગરની ત્રણ પ્રજાતિઓમાં ઘડિયાળ એક એવો જીવ છે જે ભારતીય ઉપમહાદ્વીપમાં જોવા મળે છે. ઘડિયાળના મુખનો આગલો છેડો લાંબો હોય છે, જે ઉંમર વધવાની સાથે સંકોચાતો જાય છે. મુખના આગલા હિસ્સાને 'ઘડો' કહેવામાં આવે છે. ઘડિયાળની સરેરાશ આવરદા ૫૦ થી ૬૦ વર્ષની હોય છે. આ જાતના મગર શાંત જળમાં કે પછી તેજ ગતિથી વહેતી નદીઓમાં પણ મળી આવે છે. ભારતની લગભગ બધી જ મોટી નદીઓમાં અગાઉ એ મોટી સંખ્યામાં જોવા મળતાં હતાં. સિંધુ, બ્રહ્મપુત્રા નદીઓમાં મોટા પ્રમાણમાં જોવા મળતા ઘડિયાળ હવે કેવળ કોઇ કોઇ નદીઓમાં જ જોવા મળે છે. નદીઓમાં વધતું પ્રદૂષણ અને તેમના ઉજડતા જતાં આવાસ સ્થળોને કારણે તેમની વસતિ લગાતાર ઘટી રહી છે.

આમ તો સદીઓથી માનવ આ ઘડિયાળ મગર સાથે રહેતો આવ્યો છે, પરંતુ તેની સુંદર ચામડીના વ્યવસાયિક ઉપયોગને કારણે તેનું અસ્તિત્વ વધુ જોખમાયું છે. માત્ર આ કીમતી ચામડી માટે જ નહીં, પણ તેના ઈંડામાંથી બનતી વાનગીઓ અને માંસ માટે પણ તેમનો શિકાર કરવામાં આવે છે. નદીઓમાં અંધાધૂંધ માછીમારીને કારણે પણ મગરના ભોજનમાં ઘટાડો થઈ રહ્યો છે. આપણા દેશમાં ૧૯૭૧માં આ પ્રજાતિઓના સંરક્ષણ માટે કાયદો ઘડવામાં આવ્યો હતો અને એમના શિકાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેમના રક્ષણ માટે કેટલાક એવા આરક્ષિત સ્થળો રાખવામાં આવ્યા છે જ્યાં તેમની પ્રજનન દ્વારા વસતિ વધે એ માટે તમામ પ્રયત્નો થઈ રહ્યા છે.

ઘડિયાળ મગર અને સોલ્ટ વોટર ક્રોકોડાઈલ જેવી દુર્લભ પ્રજાતિઓને સંરક્ષિત કરવા અનેક પ્રોજેક્ટ ચલાવવામાં આવી રહ્યાં છે. ભારત દ્વારા વિશ્વ્વ સ્તર પર ચાલતી કંવેશન ઓફ ઇન્ટરનેશનલ ટ્રેડ ઇન એન્ડેન્જર્ડ સ્પીસીઝ પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા છે જેથી વિશેષ પ્રકારની દુર્લભ જાતિઓને સુરક્ષિત રાખી શકાય. 'નેશનલ ચંબલ સેન્ચુરી' ભારતની એક એવી જગ્યા છે જ્યાં ખાસ પ્રકારની ઘડિયાળ મગરો જોવા મળે છે. એને 'નેશનલ ચંબલ ઘડિયાળ વાઇલ્ડ લાઇફ સેન્ચુરી પણ કહેવામાં આવે છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ આ ત્રણ રાજ્યોમાં સ્થિત સહુથી મોટા આ સંરક્ષિત વિસ્તારમાં અતિ દુર્લભ



ઘડિયાળ મગર, ઉપરાંત ગાંગેય ડૉલ્ફિન અને રેડ ક્રાઉન રૂફ કાચબાને રક્ષણ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. તે ઉપરાંત કૈન ઘડિયાળ વાઇલ્ડ લાઇફ સેંચુરી, મદ્રાસ ક્રોકોડાઈલ બૅન્ક ટ્રસ્ટ એવી જગ્યાઓ છે જ્યાં આવા પ્રાણીઓને સંરક્ષિત કરવામાં આવ્યા છે. મદ્રાસ ક્રોકોડાઈલ બૅન્ક ટ્રસ્ટ એક માત્ર એવું સ્થાન છે, જ્યાં ઘડિયાળ, મગર ક્રોકોડાઈલ અને સૉલ્ટ વોટર ક્રોકોડાઈલ આ ત્રણે પ્રજાતિઓને બચાવવા માટે બનાવવામાં આવ્યું છે.

ભારતીય ઘડિયાળ મગરો આજે સહુથી વધુ અસરગ્રસ્ત મગરોની એવી પ્રજાતિ બની ચૂકી છે જેનું બ્રીડિંગ કરવા છતાં પણ તેની સંખ્યા સતત ઘટતી રહી છે. વાસ્તવમાં આ પ્રજાતિના મોતનું સૌથી મોટું કારણ આપણી નદીઓમાં વધતું પ્રદૂષણ છે. ભારતના વિખ્યાત હર્પેટોલૉજિસ્ટ રામલૂસ વિટેકરના કહેવાનુંસાર, ક્યારેક ભારતીય ઘડિયાળ નેપાળ, પાકિસ્તાન,બાંગલા દેશ અને ભૂતાનમાં પણ જોવા મળતા હતાં, પરંતુ અત્યારે તો એ કેવળ નેપાળ અને ભારતમાં જ પોતાના અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે. નેપાળની નારાયણી નદીમાં માત્ર સો જેટલાં બચ્યાં છે. આઇયૂસીએન દ્વારા ભારતીય મહાદ્વીપમાં આ ઘડિયાળ જાતિને સહુથી વધુ સંકટગ્રસ્ત જાહેર કરવામાં આવી છે. વિટેકર વધુમાં જણાવે છે કે ભલે હૈચિંગ અને બ્રીડિંગ દ્વારા તેમની વસતિ વધારવાના પ્રયત્નો થઈ રહ્યા હોય, પરંતુ નદીઓનું પ્રદૂષણ તેમને નુકસાન પહોંચાડી રહ્યું છે. દુનિયામાં ભારત જ એક એવો દેશ છે જેની નદીઓ સૌથી વધુ પ્રદૂષિત છે. એ કેટલી દુઃખની વાત છે કે ગંગા-જમુના જેને આપણે પવિત્ર માનીને પૂજીએ છીએ એમાં જ આપણે અનેક પ્રકારના કૂડા-કચરા અને મળમૂત્રનું વિસર્જન કરીએ છીએ. આ નદીઓમાં જ તો મગર, કાચબા કે માછલીઓને રહેવાનું હોય છે. વર્ષ ૨૦૦૭-૦૮માં આ બે પવિત્ર કહેવાતી નદીઓની સરખામણીમાં વધુ સાફ ચંબલ નદીમાં ૧૧૩ ઘડિયાળ મગરના મોત ઠીક ત્યાં જ થયા હતા, જ્યાં ચંબલ, મેલી યમુનાને આવીને મળે છે. નદીઓમાં મોજૂદ પ્રદૂષણને કારણે આટલા બધા ઘડિયાળોનું એક સાથે મોત થવું એ ખરેખર ચોંકાવનારી ઘટના કહેવાય. ફરીથી આવું નહીં થાય એની શી ખાતરી?

નદીઓમાં વધતો જતો ઔદ્યોગિક કચરો પણ આ જાતિના નિકંદન માટે કારણભૂત બની રહ્યો છે. જ્યાં સુધી આપણે નદીઓને પ્રદૂષિત કરતા રહીશું, ત્યાં સુધી એમને બચાવવા સંભવ નથી. આવી મેલી નદીઓમાં રહીને અગર આ પ્રજાતિઓ માનવભેદરકારીને કારણે લુપ્ત થઈ રહી છે તો એમાં ભલા બીજા કોઈને કેવી રીતે દોષિત માની શકાય?

એક ગામમાં ઘર કરતાં મંદિરો વધારે

એમ તો આપણા દેશમાં એવી ઘણી જગ્યા કે સ્થળો છે, જેને ત્યાં આવેલાં મંદિરોથી ઓળખ મળી છે, જેમ કે ઉત્તર પ્રદેશનું બનારસ, મધ્ય પ્રદેશમાં ખજૂરાહો. ઉત્તરાખંડમાં ગુપ્તકાશી, ગુજરાતમાં દ્વારકા, અંબાજી, પાલિતાણા. આ જ યાદીમાં ઝારખંડમાં દુમકા જિલ્લામાં મલૂટી ગામને પણ મૂકી શકાય એમ છે, કારણ કે એ ગામમાં રહેણાંકનાં ઘરોની સંખ્યા કરતાં મંદિરોની સંખ્યા વધારે છે. એ કારણે આ ગામને 'મંદિરોના ગામ' તરીકે ઓળખવામાં આવે છે.

મલૂટી ગામનાં આ મંદિરોની ખાસિયત એવી છે કે, આ મંદિરોની દીવાલોનો પાર્શ્વભાગ એટલે કે બહારનો હિસ્સો ટેરાકોટાની પેનલથી સુશોભિત કે અલંકૃત કરાયેલો છે. આ જ તો આ મંદિરોની વિશેષતા છે! એમ તો મલૂટીમાં હવે ૭૨ શિવ મંદિરો છે, ઉપરાંત માતા મૌલીક્ષાનું મંદિર પણ છે, જોકે, એમ કહેવામાં આવે છે કે, એક જમાનામાં અહીં ૧૦૮ શિવ મંદિરો હતાં.

એમ માનવામાં આવે છે કે આ મંદિરોનાં નિર્માણનો આરંભ સ્થાનિક રાજા બાજ બસંત રાયના કાળમાં થઈ હતી. રાજા બાજ બસંત રાય એમના જમાનાના એવા એક રાજા હતા જેમણે પ્રજા પર ક્યારેય કોઈ પણ પ્રકારનો ટેક્સ નહોતો લાદ્યો એટલે જ એમનું રાજ્ય 'નોન-ટેક્સ' રાજ્ય તરીકે ઓળખાતું હતું.

એમ કહેવાય છે કે, મલૂટીની જમીનદારી કે રિયાસત ગૌરા નામનાં પ્રદેશના મુસ્લિમ શાસક અલ્લાઉદ્દીન શાહે (૧૪૪૫થી ૧૫૨૫) પુરસ્કાર કે ઈનામ રૂપે પ્રદાન કરી હતી. એ ઘટના આવી છે, અલ્લાઉદ્દીન શાહનું એક બાજ પક્ષી ખોવાઈ ગયું હતું, જેને શોધી લાવનારાને ઈનામ આપવાની ઘોષણા કરવામાં આવી હતી. યુવાન બસંત રાયે એ બાજને પકડીને નવાબને પહોંચાડ્યું હતું. એના ઈનામ પેટે બસંત રાયને આ રાજ્ય કે જમીનદારી મળી હતી.

રાજા બાજ બસંત ધાર્મિક વૃત્તિની વ્યક્તિ હતા એટલે એમણે પોતાના સમકાલીન શાસકોની જેમ મહેલો અને કિલ્લો બંધાવવાને બદલે મંદિરો બંધાવવાની પરંપરા ચલાવી હતી. પછીથી આ વંશની ચાર શાખા થઈ ગઈ હતી અને દરેકે પોતપોતાની રીતે આ પરંપરા ચાલુ રાખી હતી.

લોકવાયકાઓમાં પણ એવું જ માનવા-કહેવામાં આવે છે કે, રાજા બાજ બસંત રાયે ૧૦૮ મંદિરો અને એટલી જ સંખ્યાનાં તળાવો બંધાવ્યાં હતાં. આ વંશની કુળદેવી તરીકે માતા મૌલાક્ષીનું એક મંદિર પણ બંધાયેલું છે. આ પ્રાચીન મંદિરોમાં સંભવતઃ આ જ એક એવું મંદિર છે જ્યાં ભક્તો પૂજા-પ્રાર્થના માટે આવે છે.

કલાત્મકતાની રીતે જોઈએ તો શિવ મંદિરોના બહારના ભાગમાં લાગેલી ટેરાકોટાની પેનલો આ મંદિરોને અન્ય સામાન્ય મંદિરો કરતાં વિશેષ બનાવે છે, અલગ પાડે છે. (આ મંદિરોને ટેરાકોટાનાં મંદિરો પણ કહેવામાં આવે છે.) લગભગ ૩૫૦ મીટરનાં અંતરમાં આ ૧૦૮ શિવ મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. એમાંનાં ૭૨ મંદિરો આજે મોજૂદ છે. એમાંનાં કેટલાંક થોડી સારી સ્થિતિમાં છે તો કેટલાંક જીર્ણ અવસ્થામાં પણ છે, પરંતુ બાકી રહેલાં ૩૬ મંદિરોનાં કોઈ નામોનિશાન મળતાં નથી. કહોને કે એવી નિશાન-સગડ જોવા મળતા નથી. આ સિવાય દેવી મૌલાક્ષી ઉપરાંત કાલી, મનસા, તથા દુર્ગાનાં મંદિરો પણ છે.

વર્તમાન સમયમાં પણ કેટલાંક મંદિરો બંધાયાં છે, જેમાં સ્થાનિક ગામવાસીઓ દ્વારા પૂજા-પ્રાર્થના થયા કરે છે. આ ગામ બંગાળના સિદ્ધ તાંત્રિક ગણાતા સ્વામી બામદેવ એટલે કે બામાખેપાનનું સાધના સ્થળ પણ રહ્યું છે.

જોકે, રાજા બાજ બસંત રાયના પહેલાના મલૂટીના ઈતિહાસની વિશે જે જાણકારી મળે છે એના આધારે એમ કહી શકાય કે, આ સ્થળ પહેલેથી જ તંત્રપૂજાનું કેન્દ્ર રહ્યું છે. ઈસવીસન પૂર્વે શુંગ કાળમાં આ સ્થળને ગુપ્તકાશીનાં નામે ઓળખવામાં આવતું હોવાનો ઉલ્લેખ પણ મળે છે. એ સાથે જ પાટલીપુત્રના રાજા દ્વારા અશ્વ્વમેધ યજ્ઞનું આયોજન કરાયાનું વિવરણ પણ ઈતિહાસમાં નોંધાયેલું છે.

એ સિવાય પણ બૌદ્ધધર્મના વજ્રયાની સાધકોના સાધના સ્થળ તરીકે પણ આ સ્થાનને અલગ ઓળખ મળી છે, જેના આધારે એમ કહી શકાય કે મલૂટીમાં આ શિવ મંદિરોના નિર્માણના પહેલાના સમયથી જ માતા મૌલાક્ષીનાં મંદિરનું અસ્તિત્વ રહ્યું હશે. એટલું જ નહીં, પણ મલૂટીનાં નામે બનેલી એક વેબસાઈટ ઉપર પણ એવું પણ નોંધવામાં આવ્યું છે કે, ઈતિહાસકારોને અહીં પ્રાગૈતિહાસિક કાળની વસાહત-વસ્તીનાં પણ પુરાવા મળ્યા છે. આપણે નિર્માણ શૈલીની દૃષ્ટિએ જોઈએ છીએ તો જાણી શકીએ છીએ કે, આપણે ત્યાં ત્રણ પ્રકારની વાસ્તુશૈલી એટલે કે નાગર, દ્રવિડ અને બેસર (મિશ્રિત)નું ચલણ સામાન્ય રીતે રહ્યું છે. રસની વાત એવી છે કે, આ મંદિરોનાં નિર્માણમાં આમાંની કોઈપણ શૈલીને અનુસરવામાં નથી આવી. અહીં જે શૈલીનો ઉપયોગ થયો છે એ ત્યારનાં બંગાળ એટલે કે હાલનાં બાંગલાદેશ અને પશ્ચ્વિમ બંગાળના કિનારાના પ્રદેશોમાં વિશેષ રૂપે પ્રચલિત રહી છે. આ શૈલીને ચારા શૈલી અથવા ચારચારા શૈલી રહે છે.

એમ તો મંદિરોમાં ટેરાકોટા પેનલનો પ્રયોગ થયાનું પહેલું ઉદાહરણ આપણને કાનપુર ખાતેનાં ઐતિહાસિક ભીતરગાંવ મંદિરમાં જોવા મળે છે. જોકે, મોટી સંખ્યામાં આનો પ્રયોગ પાળ કાળના રાજાઓ (નવમીથી બારમી સદી)ના સમયમાં થયો હોવાનો પુરાવો મળે છે ખરો. એનું સર્વોત્તમ ઉદાહરણ વિક્રમશીલા મહાવિહાર, અંતીચક, ભાગલપુર અને સોમપુરા મહાવિહાર, પહાડપુર, ઢાકા (બાંગલાદેશ)માં આપણને મળે છે. જોકે, આ મંદિરોનાં નિર્માણમાં ઈંટ અને સૂરખી-ચૂનાનાં મિશ્રણનો ઉપયોગ કરવામાં આવ્યો છે (સૂરખી એ બાંધકામમાં રેતીને બદલે વપરાતું એક ઘટક છે તેને તૈયાર કરવાની આગવી રીત છે).

આપણે જે ટેરાકોટાની પેનલની વાત કરીએ છીએ એને જોઈને સહેલાઈથી એવું અનુમાન કરી શકાય છે કે જેમ ઈંટો બનાવવા વપરાતા સાંચાની જેમ ટેરાકોટાની પેનલો બનાવવામાં પણ સાંચા-મૉલ્ડ-ઢાંચાનો ઉપયોગ કરાયો છે. આ પેનલોમાં જ્યાં જુદા જુદા સુશોભન કે શણગારનો વપરાશ કરાયો છે તેવી જ રીતે રામાયણ-મહાભારતના પ્રસંગો તથા દેવી દુર્ગા દ્વારા મહિષાસુરના વધના પ્રસંગોનું પણ આલેખન અહીં જોવા મળે છે. ખરેખર તો રામ-રાવણ યુદ્ધ અને મહિષાસુર વધની પેનલો જ વધારે પ્રમાણમાં જોઈ શકાય છે. એમાં જોવા મળતી એકરૂપતા એટલું તો સ્પષ્ટપણે દર્શાવે છે કે દરેક પેનલને અલગ અલગ ડિઝાઈન કરવાને બદલે સાંચા-ઢાંચાની મદદથી એને બનાવાઈ હશે.

એ સિવાય રોજિંદાં કાર્યો અથવા સામાન્યજીવનનું પણ આલેખન કરાયું હોવાનું અહીં જોઈ શકાય છે. જોકે એમાં કલાની ચોકસાઈનું કેટલું ધ્યાન રાખવામાં આવતું એના વિશે કશું કહી શકાય એમ નથી. વળી, અહીં એક વાત જે વધારે મહત્ત્વપૂર્ણ લાગે છે કે, આખરે એવી કઈ પરિસ્થિતિઓ હોય છે જેમાં સ્થાનિક જનમાનસ પોતાની સાંસ્કૃતિક થાપણ કે વારસા પ્રત્યે ઉદાસીન થઈ જાય છે. બંગાળના ખ્યાતનામ નવલકથાકાર સમરેશ બસુએ પોતાની એક નવલકથામાં એવી ચર્ચા પણ કરી છે કે, કેવી રીતે કોઈ સ્થાનિક વ્યક્તિ દ્વારા મંદિરોમાંથી ટેરાકોટા પેનલોને ઉખાડી ઉખાડીને કોલકતાના કલાપ્રેમીઓ સુધી પહોંચાડવામાં આવતી રહી છે.

ફિશ ઓઈલ તમામ માટે આદર્શ છે



ફીશ ઓઈલના ઘણા ફાયદા છે તે બાબત અગાઉ પણ સાબિત થઈ ચુકી છે. હવે ફરી આ વાતને અભ્યાસમાં સમર્થન મળ્યું છે. ફીશ ઓઈલ માત્ર આરોગ્ય માટે જ યોગ્ય નથી બલકે વાળ, સ્કીન માટે પણ ફીશ ઓઈલ ખૂબ જ મહત્વપૂર્ણ અને ઉપયોગી છે. આ ઉપરાંત જુદા જુદા રોગને રોકવામાં પણ ફીશ ઓઈલની ભુમિકા છે. ફીશ ઓઈલના ફાયદાઓને લઈને વારંવાર અભ્યાસ થતા રહ્યા છે. સ્વસ્થ હાર્ટને જાળવી રાખવા કોઈપણ વ્યક્તિને વધારે પ્રમાણમાં ફીશ ઓઈલ ધરાવનાર ભોજન ઉપયોગમાં લેવાની જરૂર છે. હાર્ટના રોગના ખતરાને ઘટાડવામાં તેમા રહેલા ઉમેગા-૩ તત્વો ઉપયોગી છે. આ ઉપરાંત તે એલડીએલ કોલેસ્ટેરોલના પ્રમાણને પણ ઘટાડે છે. સાથે સાથે એચડીએલનું પ્રમાણ વધારે છે. એનડીએલ કોલેસ્ટેરોલને ખરાબ કોલેસ્ટેરોલ તરીકે ગણવામાં આવે છે. તે સારા કોલેસ્ટેરોલના પ્રમાણને વધારે છે. ફીશ ઓઈલ હાર્ટ સ્ટ્રોકને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થાય છે. ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ફીશ ઓઈલ હાઈપર ટેન્શનની સારવારમાં પણ ઉપયોગી બની શકે છે. આ ઉપરાંત સ્લીમ રહેવમાં પણ મદદરૂપ બને છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે વજન ઘટાડવામાં તેની ભુમિકા છે. નિયમિત પ્રમાણમાં ફીશ ઓઈલને ઉપયોગમાં લેવામાં આવે તો ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે. અસ્થમાં જેવી શ્વાસની તકલીફ ધરાવતા લોકોને ફીશ ઓઈલ ખાવાથી ફાયદો થાય છે. સંશોધકોએ કહ્યું છે કે હાઈફીશ ડાઈટ ઉપર રહેલા બાળકોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. જુદા જુદા ગ્રુપમાં બાળકોને વિભાજિત કરીને તેમના ઉપર નજર રાખવામાં આવી હતી. હાઈફીશ ડાઈટ ઉપર થોડાક બાળકોને રાખાવમાં આવ્યા હતા. જ્યારે અન્ય બાળકોને નિયમિત ડાઈટ ઉપર રાખવામાં આવ્યા હતા. પરિણામમાં જાણવા મળ્યું કે વધુ ફીશ ખાનાર બાળકો અસ્થમાના ઓછા શિકાર દેખાયા હતા અને તેઓ વધુ સારી રીતે શ્વાસ લઈ શકતા હતા. ફીશ ઓઈલના અન્ય ઘણા ફાયદા છે. ઓમેગા-૩ ફીશ ઓઈલ કેન્સરના સૌથી સામાન્ય સ્વરૂપ પૈકીના ત્રણ સ્વરૂપોને રોકે છે. જેમાં સ્થન કેન્સર અને પ્રોસ્ટેટ કેન્સરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ખતરનાક સેલોને પણ મારી નાખે છે. ફીશ ઓઈલથી વાળની ખૂબસુરતી અને ચમક વધે છે. ઓમેગામાં એવા તત્વો હોય છે જે વાળના ગ્રોથને વધારે છે તથા હેરલોસને અટકાવે છે. ફીશમાં મોટા પ્રમાણમાં પ્રોટીન તત્વો હોય છે. ફીશ ઓઈલ ડ્રાય સ્કીનની સ્થિતિને પણ સુધારે છે. સગર્ભાવસ્થામાં રહેલી મહિલાઓ માટે પણ તે ઉપયોગી છે. ફિશ ઓઈલ અનેક રીતે ઉપયોગી છે.

ફીશ ઓઈલમાં રહેલા તત્વો ખરાબ કોલેસ્ટ્રોલના પ્રમાણને ઘટાડે છે અને સારા કોલેસ્ટ્રોલનું પ્રમાણ વધારે છે : હાલમાં અભ્યાસમાં ધડાકો

રિપોર્ટ : ૫૯ ટકા મહિલાઓ પાસે મોબાઈલ ફોન રહેલા છે...

ભારતમાં ૮૦ ટકા પુરૂષો પાસે મોબાઈલ



આંકડા અસમાનતાના ડિજિટલ ચહેરાને રજૂ કરે છે : અન્ય દેશોની તુલનામાં ભારત ખુબ આગળ છે : કારોબારને અબજોનો ફાયદો

મોબાઈલની દુનિયા રોકેટ ગતિથી વધી છે. ભારતમાં મોબાઈલ ગ્રાહકોની સંખ્યા એક અબજના આંકડાને પાર કરી ચુકી છે. જો કે આજે પણ ભારતમાં મોબાઈલફોનના મામલે અસમાનતા જોઈ શકાય છે. હાલમાં જારી કરવામાં આવેલા અહેવાલમાં આંકડા જારી કરવામાં આવ્યા છે. મહિલાઓની પાસે પુરૂષોની તુલનામાં ખુબ ઓછા પ્રમાણમાં મોબાઈલ છે. ભારતમાં મહિલા મોબાઈલ ધારકોની સંખ્યા ૫૯ ટકાની આસપાસ છે. જ્યારે પુરૂષના મામલામાં આ સંખ્યા ૮૦ ટકાની આસપાસ છે. આંકડા પર ધ્યાન આપવામાં આવે તો જાણી શકાય છે કે મહિલાઓની સરખામણીમાં પુરૂષોની પાસે ૨૦ ટકા વધારે મોબાઈલ છે. લંડન સ્થિત મોબાઈલ વિકેતા ગ્રુપ ગ્લોબલ સિસ્ટમ ફોર મોબાઈલ કોમ્યુનિકેશનના તાજા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે મોબાઈલ ફોનનો ઉપયોગના મામલે પુરૂષો અને મહિલાઓમાં વ્યાપક અંતર છે. દક્ષિણ એશિયામાં મોબાઈલની સંખ્યામાં ભારતે રેકોર્ડ સર્જયા છે. જીએસએમએ દુનિયાની ૩૫૦ કંપનીઓનુ પ્રતિનિધીત્વ કરે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે મધ્યમ આવકવાળા દેશોમાં ૮૦ ટકા મહિલાઓની પાસે પોતાના મોબાઈલ છે. મોબાઈલ ઉપયોગ કરનાર લોકોની વાત કરવામાં આવે તો ભારતમાં પુરૂષોની પાસે ૮૦ ટકા મોબાઈલ છે. અન્ય દેશોના લોકોની વાત કરવામાં આવે તો પાકિસ્તાનમાં ૭૮ ટકા પુરૂષોની પાસે મોબાઈલ છે. જ્યારે પાકિસ્તાનમાં મહિલાઓની પાસે ૫૦ ટકા મોબાઈલ છે. પુરૂષો અને મહિલાઓમાં મોબાઈલ ધારકોમાં વ્યાપક અંતર છે. બીજી બાજુ મોબાઈલ ઈન્ટરનેટ ઉપયોગ કરનાર લોકોની વાત કરવામાં આવે તો સંખ્યા ભારતમાં તમામનુ ધ્યાન ખેંચે તેવી પ્રકારની છે. ભારતમાં ૩૬ ટકા પુરૂષો મોબાઈલ ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. જ્યારે ભારતમાં મહિલાઓ ૧૬ ટકા એવી છે જે મોબાઈલ ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. મોબાઈલ જેન્ડર ગેપના રિપોર્ટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ચીનની વાત કરવામાં આવે તો ચીનમાં રેકોર્ડ ખુબ મોટી સિદ્ધી સમાન દેખાય છે. ચીનમાં ૮૨ ટકા પુરૂષો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. બીજી બાજુ ૮૧ ટકા મહિલાની પાસે ઈન્ટરનેટ કનેક્શન છે. જાણકાર લોકો કહે છે કે મોબાઈલની દુનિયામાં મહિલાઓની પહેલ મજબુતી સાથે પહોંચી છે. જો કે અહીં પણ મહિલાઓ પુરૂષો કરતા પાછળ રહી છે. જો આ અંતરને જો દુર કરી દેવામાં આવે તો આગામી પાંચ વર્ષમાં ઓછી અને મધ્યમ આવકવાળા દેશોને મોબાઈલ ઉદ્યોગથી આશરે ૯.૯૬ લાખ કરોડ રૂપિયાની રકમ મળી રહી છે. મોબાઈલના કારણે કેટલાક પ્રતિકુળ અહેવાલ આવી ચુક્યા છે છતાં પણ મોબાઈલ નેટવર્ક વધી રહ્યુ છે. મોબાઈલ ફોનના કારણે કેન્સર થાય છે કે કેમ તેણે લઈને ચર્ચા લાંબા સમયથી છેડાયેલી છે ત્યારે હવે બ્રિટનમાં અગ્રણી વૈજ્ઞાનિકોની ટીમ એવા તારણ ઉપર પહોંચી છે કે, સેલફોન હેલ્થ ટોઈમ બોમ સમાન છે. તેમના જણાવ્યા મુજબ મોબાઈલ ફોનના ઉપયોગ સાથે સંબંધિત ૨૦૦થી વધુ અભ્યાસ કરવામાં આવી ચુક્યા છે. તમામ અભ્યાસમાં બ્રેઈન ટ્યુમર જેવી આરોગ્યની ખતરનાક તકલીફ ઉભી થવાની વાત પણ કરવામાં આવી છે. હકિકતમાં તેમના સંસોધન અહેવાલમાં વૈજ્ઞાનિકો એવા તારણ ઉપર પહોંચ્યા છે કે, ગ્લીઓમા નામથી અસામાન્ય જોવા મળતા બ્રેઈન ટ્યુમર થવાની શક્યતા પણ મોબાઈલના કારણે રહેલી છે. અન્ય અભ્યાસમાં પણ ઘણાં મહત્વપૂર્ણ સૂચનો કરવામાં આવી ચુક્યા છે. વર્ષ ૨૦૦૮માં સ્વીડીસ અભ્યાસમાં પણ જણાવવામાં આવ્યું હતું કે, મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા બાળકોમાં ટ્યુમર થવાનો ખતરો વધારે રહેલો છે. અન્ય અભ્યાસમાં પણ જાણવા મળ્યું છે કે, મોબાઈલ ફોનના ઉપયોગથી વર્તનની સમસ્યા ઉભી થાય છે. સગર્ભાવસ્થા દરમિયાન મોબાઈલ ફોનનો ઉપયોગ કરનારા માતાના બાળકોમાં વર્તન હિંસક હોવાની વાત સપાટી પર આવી ચુકી છે. બ્રેઈન સેલને પણ નુકશાન થાય છે. અહેવાલના જાણકારોનું કહેવું છે કે, લાંબા ગાળે મોબાઈલ ફોનનો ઉપયોગ આરોગ્ય સાથે સીધી રીતે સંકળાયેલો છે. જૂન મહિનામાં વિશ્વ આરોગ્ય સંગઠને પણ કબૂલાત કરી હતી કે, મોબાઈલથી કેન્સર થઈ શકે છે.

હેન્ડફ્રી કિટ્સનો ઉપયોગ કરતી વેળા કેટલીક સાવચેતી રાખવાની સલાહ પણ આપવામાં આવી હતી. જો કે વૈજ્ઞાનિકોએ એવી કબૂલાત પણ કરી છે કે, અભ્યાસના તારણો સાબિત થઈ શક્યા નથી. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, મોબાઈલ ખાસ કરીને બાળકો માટે વધારે ખતરનાક છે. અભ્યાસ મુજબ મોબાઈલ ફોન કંપનીઓ અને સરકારે કોઈ નવી ટેકનોલોજી શોધી કાઢવી જોઈએ. મોબાઈલથી થતા નુકસાન અગાઉ વારંવાર અહેવાલોમાં આવતા રહ્યાં છે.



સેલ્ફી ટેવને કઈ રીતે છોડાવાય તેની ચર્ચા

કેમેરાને જોતા પાઉટ બને છે

અમે કોઈ પણ પ્રકારના કામમાં વ્યસ્ત હોઈએ તો પણ જ્યારે કોઈ વ્યક્તિ અમારી પાસે સેલ્ફી લેવા માટે આવી પહોંચે છે ત્યારે અમે ખુશ થઈ જઈએ છીએ. આવી જ રીતે કેટલાક લોકો તો ફોટો માટે એક નિર્ધારિત પોઝમાં આવી જાય છે. કેમેરાને જોતાની સાથે જ પોતાની રીતે જ તમે પાઉટ બની જઈએ છીએ. ખાવા પીવાના મામલે પણ આવુ જ હોય છે. ફ્રિજ ખોલતાની સાથે જ કેટલાક લોકોને ચોકલેટ યાદ આવી જાય છે. એક રિસર્ચમાં કેટલીક બાબતો સપાટી પર આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે અમારી ટેવ કોઈ ખાસ પરિસ્થિતીમાં પ્રભાવિત થાય છે. રિસર્ચમાં કહેવામાં આવ્યુ છે કે મુવી જોતી વેળા કેટલાક લોકોને પોપકોર્ન ખાવાની ટેવ હોય છે. જ્યારે કેટલાકને મિટિંગ વેળા કોફી પિવાની ઈચ્છા હોય છે. જો તમે સ્મોકર છો તો કામથી બ્રેક મળતાની સાથે જ સિગારેટ પિવાની ઈચ્છા થાય છે. કોઈ સ્થિતીમાં ટેવ એટલી અસર કેમ કરે છે તે અંગે પુછવામાં આવે તો જાણી શકાય છે કે દિમાગને પહેલાથી જ માહિતી હોય છે કે ખાસ પરિસ્થિતીમાં રિએક્ટ કઈ રીતે કરી શકાય છે. ટાઈમમાં પ્રકાશિત કરવામાં આવેલા એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે અમને કોઈ ચીજની ટેવ એટલા માટે પડી જાય છે કે અમારા દિમાગ કોઈ પણ મહેનત કર્યા વગર કામ કરવાનુ શિખે છે. કોઈ પણ પ્રકારની ટેવને છોડાવવા માટે સતત પ્રયાસ અને મજબુત ઈચ્છાશક્તિ જરૂરી હોય છે. સામાન્ય રીતે નિષ્ણાંત કહે છે કે જો ફ્રિજ ખોલતાની સાથે જ ચોકલેટ ખાવાની ટેવ છે તો ફ્રીજમાં ચોકલેટ મુકવાનું બંધ કરી દેવાની જરૂર છે. બ્રેકમાં સિગારેટ પિવાની ટેવ છે તો તેન જગ્યાએ ચોકલેટ રાખી શકાય છે. ટાઈમમાં પ્રકાશિત થયેલા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે કોઈ પણ ટેવને છોડવા માટે ૬૬ દિવસનો સમય લાગે છે.

ફૂડ ડિલિવરી કંપની ઝોમેટોએ ૫ હજાર રેસ્ટોરન્ટ્સને ડિલિસ્ટ કરી

ન્યુ દિલ્હી

ફૂડ ડિલિવરી કંપની ઝોમેટોએ ફેબ્રુઆરીમાં ૫,૦૦૦ રેસ્ટોરન્ટ્સને ડિલિસ્ટ કરી દીધી છે. આ રેસ્ટોરન્ટ્સ સાફ-સફાઈ અને ચોખ્ખાઈના માપદંડો પર ખરી ઉતરી નથી. આ કારણે તેને ડિલીસ્ટ કરી દેવામાં આવી છે. ઝોમેટોએ શુક્રવારે આ માહિતી આપી છે.

ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ ઓફ ઈન્ડિયા(FSSAI)ની સાથે મળીને ઝોમેટોને તેના પ્લેટફોર્મ પર લિસ્ટેડ તમામ રેસ્ટોરન્ટ્સનું ઓડિટ કરી રહી છે. દેશના ૧૫૦ શહેરોમાં કંપની તેની સેવાઓ આપે છે.

ઝોમેટોના સીઈઓ (ફૂડ ડિલીવરી બિઝનેસ) મોહિત ગુપ્તાનું કહેવું છે કે કંપની રોજ ૪૦૦ નવી રેસ્ટોરન્ટ્સને તેના લિસ્ટમાં સામેલ કરી રહી છે. આ કારણે એ બાબત મહત્વની છે કે તમામ પાર્ટનર હાઈજીનનું ધ્યાન રાખે. ગુપ્તાના જણાવ્યા પ્રમાણે ઝોમેટોના પ્લેટફોર્મ પર ૮૦,૦૦૦થી વધુ રેસ્ટોરન્ટ્સ લિસ્ટેડ છે. આ તમામની સમીક્ષા કરવામાં આવી રહી છે. સતત કોશિશો બાદ પણ નિયમોનું ધ્યાન ન રાખનારને ડિલિસ્ટ કરાઈ રહ્યાં છે.







સી.એસ.આર. ક્ષેત્રે સારી કામગીરી કરનાર કંપનીઓને એવોર્ડ અપાયો

સરકારી નીતિઓ અને કોર્પોરેટ જગત સેવાની એક જ દિશામાં સાથે મળી કાર્ય કરે તે આજની નિતાંત આવશ્યકતા છે : રાજ્યપાલ

સુરત

રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું છે કે, સરકારી નીતિઓ અને કોર્પોરેટ જગત સેવાની એક જ દિશામાં સાથે મળી કાર્ય કરે તે આજની નિતાંત આવશ્યકતા છે.

અમદાવાદ ખાતે નેશનલ સી.એસ.આર. કોન્કલેવ-૨૦૧૯ અંતર્ગત સી.એસ.આર. ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કંપનીઓને સન્માનવાના કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, કોર્પોરેટ જગતની સી.એસ.આર.ની પ્રવૃત્તિઓ વ્યક્તિગત સાથે સમાજને બહેતર બનાવવા માટે ઉપયુક્ત બની રહે છે.

અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન દ્વારા આયોજિત સી.એસ.આર. કોન્કલેવમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, સમાજના છેવાડે રહેલા માનવી સુધી આ પ્રવૃત્તિઓ પહોંચાડવા માટે આ કંપનીઓ દ્વારા જે કામ કરવામાં આવી રહ્યું છે તે સરાહનીય છે. આ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ સમાજના પાછળ રહેલા સમાજ કે વ્યક્તિને સમાજમાં માનભેર જીવવા માટે સક્ષમ બનાવે છે. તેમણે કહ્યું કે, ગરીબી, અસમાનતા, વંચિતતા, બેકારી જેવા વૈશ્વિક પડકારો સામે ગ્લોબલ કંપનીઓ જે રીતે સામાજિક દાયિત્વ નિભાવે છે તે સરાહનીય છે. આ અવસરે સસ્ટેઇનેબલ અને ઈમ્પેક્ટફુલ સી.એસ.આર. માટે એપોલો ટાયર્સ અને ચિનાર કેમિકલ્સને અને કોહેસીવ અને સ્ટ્રેટિજિક સી.એસ.આર. પ્રોજેક્ટ માટે ગુજરાત પીપાવાવ લિમિટેડને સી.એસ.આર. એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. રાજ્યપાલશ્રીના હસ્તે સી.એસ.આર. ના ૭૦ કેસ સ્ટડીને સમાવતી કોફી ટેબલ બુક અને અર્બન પબ્લીક રેસ્ટ રૂમ નામની બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. ગુજરાત સી.એસ.આર. ઓથોરિટીના સી.ઈ.ઓ. શ્રીમતી ડી.થારાએ પ્રાસંગિક પ્રવચન કરી આજના દિવસે કરેલું મંથન અન્યોને પણ પ્રેરણા પૂરી પાડશે.

સરકારી શાળાના બાળકોએ શહીદ પરિવાર માટે દાન એકત્ર કર્યું

જન્મ દિવસે ચોકલેટ વહેંચવાને બદલે દાન આપ્યું

સુરત

સુરતમાં રાષ્ટ્રીય ભાવના અને ખાસ કરી શહીદ જવાનોના પરિવારને મદદરૂપ થવાની ભાવના અખુટ છે. સુરતની સરકારી શાળાના બાળકોએ જન્મદિને ચોકલેટ વહેચવાને બદલે શહીદ પરિવારોને માટે ફંડ એકત્ર કર્યું છે. સમગ્ર વર્ષની ભેગી થયેલી કુલ ૨૧૦૦૦ની રકમ જય જવાન નાગરિક સમિતિ સુરતને અર્પણ કરી હતી.

સુરત શહેર નાના વરાછા વિસ્તારમાં આવેલ નગર પ્રાથમિક શાળા ક્રમાંક ૧૬ ઈશ્વર પેટલીકર પ્રાથમિક કન્યા શાળામાં શહીદ ફંડની પેટી મુકવામાં આવેલ છે.

શાળાનાં આચાર્ય હંસાબેન પટેલ તથા શિક્ષક ભુપતભાઈ ડુંગરાણીએ જણાવ્યું હતું કે બાળકો તેના જન્મ દિવસે શાળામાં ચોકલેટ વહેંચવાને બદલે શહીદ ફંડની પેટીમાં રકમ નાખે છે.

વર્ષ દરમિયાન એકત્ર થયેલ ૨૧૦૦૦ રૂપિયા આજે શાળાની વિદ્યાર્થીનીઓના હાથે જય જવાન નાગરિક સમિતિ સુરતના ટ્રસ્ટી કાનજીભાઈ આર. ભાલાળાને રૂબરૂ મળી રકમ સુપ્રત કરી હતી. કાનજીભાઈ ભાલાળાએ બાળકોની રાષ્ટ્રીય ભાવનાને બિરદાવી અભિનંદન આપ્યા હતા. શાળાના આચાર્ય તથા ઉચ્ચ શિક્ષક ગણને પણ રાષ્ટ્રીયકાર્ય બદલ અભિનંદન આપ્યા હતા.

મનપામાં સીઝનલ ફ્લુ, અન્ય વાયરલ ડીસીઝ અંગેની સમીક્ષા માટે બેઠક

સુરત

તા.૨૨-૨-૨૦૧૯ના રોજ ડૉ. કમલેશ ઉપાધ્યાય, સ્ટેટ નોડલ ઓફિસર - સીઝનલ ફ્લુ, ગુજરાત રાજ્યની અધ્યક્ષતામાં સુરત મહાનગરપાલિકાનાં નવા સ્થાયી સમિતિ ખંડમાં સીઝનલ ફ્લુ તથા અન્ય વાયરલ ડીસીઝ અંગેની સમીક્ષા માટે મીટિંગ રાખવામાં આવી હતી. જેમાં ડે. કમિશનર સુરત મહાનગર પાલિકા, આર.ડી.ડી. સુરત, આરોગ્ય અધિકારી, સિવિલ તથા સ્મીમેર હોસ્પિટલના ડીન, મેડીકલ સુપ્રિટેન્ડન્ટ, મેડીકલ ઓફિસર વર્ગ-૧, કુ.ક. બ્યુરો, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી, તમામ નાયબ આરોગ્ય અધિકારીઓ, વિવિધ વિભાગના એચ.ઓ.ડી. સુરત તથા સુરત શહેરની અગ્રગણ્ય ૩૪ જેટલી ખાનગી હોસ્પિટલના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

જેમાં ડૉ. કમલેશ ઉપાધ્યાય, સ્ટેટ નોડલ ઓફિસર સીઝનલ ફ્લુ, ગુજરાત રાજ્યએ સમગ્ર ભારમાં હાલમાં ચાલી રહેલ સીઝનલ ફ્લુનાં ટ્રેન્ડ વિશે માહિતગાર કર્યા હતા. સુરત શહેર તથા જિલ્લામાં સીઝનલ ફ્લુના કેસો માટે ઉપસ્થિત તમામ અધિકારી તથા ખાનગી હોસ્પિટલના પ્રતિનિધિઓ સાથે સમીક્ષા કરી હોસ્પિટલ વાઈઝ કેસો તથા મરણ અંગેના કારણો વિશે વિસ્તૃત ચર્ચા કરી જરૂરી સલાહ સૂચન તથા માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તેમજ ઝીકા વાયરસ, કોન્ગો ફીવર વિશે પણ હાજર તમામને માહિતગાર કર્યા હતા.

બપોર બાદ અઠવા ઝોન ઓફિસ, મીટિંગ હોલ ખાતે સુરત મહાનગરપાલિકાના તમામ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરોને સીઝનલ ફ્લુ, બર્ડ ફ્લુ, ઝીકા વાયરસ, કોન્ગો ફીવર, ચાંદીપુરા વાયરસ, ડેંગ્યુ તથા લેપ્ટોસ્પાયરોસીસ રોગના વૈશ્વિક વ્યાપ વિશે ચર્ચા કરી જરૂરી સલાહ સૂચન તથા માર્ગદર્શન પૂરુ પાડ્યું હતું.

અમરોલી કોલેજમાં છઠ્ઠો શૈક્ષણિક ઈનામ વિતરણ કાર્યક્રમ સંપન્ન

સુરત

તા.૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૯ને બપોરે ૧૨.૬ કલાકે જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં સહઅભ્યાસ પ્રવૃત્તિમાં સર્વોચ્ચ પ્રદર્શન કરનાર તેમજ 'મે ગંદેવીનો ગલો' નાટ્યમાં ભાગ લેનાર વિદ્યાર્થી ભાઈ બહેનોના ઈનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રી અશ્વિનભાઈ પટેલ, તેમજ ટ્રસ્ટી સ્નેહલભાઈ શાહ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કપિલદેવ શુકલ મુખ્ય મહેમાન તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન સહઅભ્યાસ પ્રવૃત્તિમાં સર્વોચ્ચ પ્રદર્શન કરનાર તેમજ 'મેં ગંદેવીનો ગલો' નાટ્યમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને નયન રમ્ય ટ્રોફીઓ અને ઈનામો અપાયા હતા. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

સૂરત શહર કે લોહે કે સબસે પુરાને,
ESSAR 24 CARAT STEEL
પ્રતિષ્ઠિત વ્યાપારી BALBIR
લોહે કે ગડર, ચેનલ, ઐંગલ, પ્લેટ, એચ.આર.-સી.આર.-ગેલ્વેનાઇજ શીટ, પટ્ટી, પાટા, બાંધકામ કે T.M.T. બાર, બ્રાઇટ બાર, પાઈપ એવં લોહે કી પ્રત્યેક આઇટમ કે 45 વર્ષ સે વિશ્વસનીય વ્યાપારી
સેલ SAIL
શાહ એન્ડ કંપની
JINDAL
રોડ નં.15, ઉધોગનગર, ઉધના, સૂરત.
Ph.: 2277137/2279627 M. 9374718583. શૈલેષ બાફના

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂ.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂ.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેદ્યુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂ.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઇટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઇપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

સાગબારાના જાવલી ખાતે પરણીતાએ સાસરીયાઓના અતિશય ત્રાસના કારણે ઝેરી દવા પીતા મોત

મૃતકના પિતાએ પતિ સાસુ અને સસરા વિરુદ્ધ આપી ફરિયાદ

દોઢેક વર્ષ પૂર્વે જાવલી ખાતે પ્રેમ લગ્ન કરી ગયેલી સુહાનીને સાસરિયાઓ એ ત્રાસ આપી આત્મહત્યા કરવા મજબુર કરી હોવાની પિતાની ફરિયાદ

રાજપીપળા : નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના જાવલી ગામે દોઢેક વર્ષ પેહલા પ્રેમ લગ્ન કરી ગયેલી સાગબારા તાલુકાના બર્કતુરા ગામની સુહાનીએ જાવલીના રાહુલ ધરમદાસ વસાવા સાથે લગ્ન કર્યા બાદ સુહાનીના પિતા સુભાષ બાબુભાઈ વસાવા એ તેમના સમાજમાં બંને પક્ષોની ઈજ્જત સાચવવા સમાજના રીત રિવાજ મુજબ તેમના દાવા બાબતે વાત આગળ ધરેલી હોય તેથી સુહાનીના સાસરિયાઓ પૈકી પતિ રાહુલ , સાસુ લતાબેન અને સસરા ધરમદાસ? તારા લીધે અમે દેવું કરવાના નથી તુજ તારી જાતે કમાઈને પૈસા આપજે તેમ કહી ત્રણેક વારંવાર સુહાનીને અસહ્ય માનસિક અને શારીરિક ત્રાસ આપી તેને મરવા માટે મજબુર કરી હોય વારંવારનો ત્રાસ સહન ન થતા ગત તારીખ ૧૨ ફેબ્રુઆરી એ સુહાનીએ તેની જાવલી ખાતે સાસરીમાં ઝેરી દવા પી લેતા તેને તાત્કાલિક સારવાર માટે દાખલ કરવામાં આવી હતી જ્યાં સારવાર દરમિયાન ૨૦ ફેબ્રુઆરી એ તેનું મોત થતા સુહાનીના પિતા સુભાષભાઈ બાબુભાઈ વસાવા એ પતિ , સાસુ અને સસરા ત્રણેય વિરુદ્ધ સાગબારા પો.સ્ટે. માં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.તપાસ સાગબારા પીએસઆઈ સી એમ ગામીત કરી રહ્યા છે.

કાશ્મીરમાં હિમવર્ષાને પગલે દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પલટો

આગામી બે દિવસમાં તાપમાનમાં ઘટાડો નોંધાશે

સુરત

આજે સવારથી જ સમગ્ર દક્ષિણ ગુજરાતના તાપમાનમાં પલટો અનુભવાયો છે. જમ્મુ-કાશ્મીરમાં થયેલ હિમવર્ષાનો પગલે ઉત્તર દિશા તરફથી ઠંડો પવન ફૂંકાવાની સાથે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની અને ફરી ઠંડીનો ચમકારો અનુભવાય તેવી શક્યતા છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૨.૮ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૯.૪ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૫ ટકા તેમજ હવાનું દબાણ ૧૦૧૫ મીલીબાર નોંધાયુ છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે તાપમાન યથાવત રહ્યું છે. પરંતુ આજે સવારથી પવનની દિશા બદલતા આગામી દિવસોમાં તાપમાન ઘટે તેવી શક્યતા છે.

નવસારીમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૪ ડિગ્રી નોંધાયું હતું. વલસાડમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૬.૬ ડિગ્રી નોંધાયુ છે. ગતરોજ ન્યુનત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું હતું. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગતરોજની સરખામણીએ આજે તાપમાન વધ્યુ છે, પરંતુ આવતીકાલથી ૩ દિવસ સુધી તાપમાનમાં ક્રમશ : ઘટાડો થશે અને ફરી એક વખત ઠંડીનો ચમકારો અનુભવાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

સુરત મનપાને કેન્દ્ર સરકારનો ડિજીટલ ઈન્ડિયા માટે સિલ્વર એવોર્ડ મળ્યો

સુરત મહાનગર પાલિકાના ઓપન ડેટા ઈનીશીએટીવને તા.૨૨-૨-૨૦૧૯ના રોજ નવી દિલહી ખાતે માનનીય કેબિનેટ મીનીસ્ટર રવિ શંકર પ્રસાદ, મીનીસ્ટર ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, લો એન્ડ જસ્ટીસ દ્વારા ઓપન ડેટા ચેમ્પિયન કેટેગરીમાં ડીજીટલ ઈન્ડિયા એવોર્ડસ ૨૦૧૮ એનાયત કરવામાં આવેલ છે. જે ડેપ્યુટી મ્યુનિસિપલ કમશનર સી.વાય. ભટ્ટ દ્વારા સ્વીકારવામાં આવેલ અને સુરત મહાનગર પાલિકાની આઈટી.ટીમ વતી દેવાંગ પટેલ અને જીગર પટેલ પણ ડેપ્યુટી કમિશનર સાથે એવોર્ડ સ્વીકારવા જોડાયા હતા. એવોર્ડ અંતર્ગત વિવિધ ૮ કેટેગરીમાં કુલ ૬૦૦ થી વધુ નોમિનેશન પ્રાપ્ત થયેલ જેની પ્રાથમિક સ્કૂટીની આઈઆઈટી દિલ્હી દ્વારા કર્યા બાદ, સરકારના તથા ઈન્ડસ્ટ્રીઝના તજજ્ઞો અને એકેડમીશીયનની બનેલ જ્યુરી દ્વારા વિવિધ કેટેગરી અંતર્ગત એવોર્ડ માટે પસંદગી કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકાની વિવિધ સેવાઓને નાગરિકો દ્વારા ખૂબ જ સારો પ્રતિસાદ મળેલ છે અને તેનો ખૂબ જ બહોળા પ્રમાણમાં લોકો દ્વારા ઉપયોગ થઈ રહેલ ચે. જેની પણ રાષ્ટ્રીય કક્ષાએ વખતો વખત નોંધ લેવામાં આવે છે.

વલસાડ ખાતે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના શુભારંભનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો





વલસાડ જિલ્લાના ૧.૧૮ લાખ ખેડૂતોના ખાતામાં રૂા.૨૩ કરોડથી વધુની રકમ જમા થશે

વલસાડઃ વલસાડ જિલ્લાકક્ષાના પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિનો કાર્યક્રમ સિવિલ હોસ્પિટલના ઓડીટોરીયમ ખાતે યોજાયો હતો. આ યોજના અંતર્ગત વલસાડ જિલ્લાના ૧.૧૮ લાખ ખેડૂતોના ખાતામાં રૂા.૨૩ કરોડથી પણ વધુ રકમ જમા થનાર છે. આ યોજના ખેડૂતોની આવક બમણી કરવા માટે ખૂબ મોટું પગલું સાબિત થશે.

આ અવસરે વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલે જિલ્લા વહીવટીતંત્રની કામગીરીની સરાહના કરતાં જણાવ્યું હતું કે, કિસાન સન્માનનિધિ યોજના થકી દરેક ખેડૂતોને વર્ષ દરમિયાન ૬ હજાર રૂપિયાની સહાય મળશે. જે સામાન્ય ખેડૂત પરિવારો માટે ખૂબ જ ઉપયોગી નીવડશે. આ યોજનાનો લાભ લેવાથી વંચિત રહી ગયેલા ખેડૂતોને લાભ મળે તે માટે સંબંધિત ગામોના સરપંચ સહિત અગ્રણીઓ મદદરૂપ બને તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

આ અવસરે ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે ખેડૂતોના હિતમાં કિસાન સન્માનનિધિ યોજના સહિત છેવાડાના માનવીની ચિંતા કરી તેમના સર્વાંગી વિકાસ માટે અનેક યોજનાઓ અમલી બનાવી છે. આરોગ્ય ક્ષેત્રે પણ ગરીબ પરીવારોને ગંભીર બીમારીના ખર્ચને પહોંચી વળવા માટે આયુષ્માન યોજની અમલવારી પણ કરવામાં આવી રહી છે.

વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણે જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટીતંત્રના કર્મયોગીઓએ ખેડૂતોને સમયસર લાભ મળી શકે તે માટે રાતદિવસ મહેનત કરી ૧.૧૮ લાખ જેટલા ખેડૂતોની નોંધણી કરી છે. આ સહાય થકી ખેડૂતો ખાતર-બિયારણની ખરીદી કરી ખેતીની સારી શરૂઆત કરી શકશે. આ યોજનાઓ મુખ્ય ઉદેશ ખેડૂતોને મદદરૂપ થવાનો હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા નાના અને સીમાંત ખેડૂત પરિવારની ન્યૂનતમ આવક સુનિશ્ચિત કરવા માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અમલી બનાવી છે. જેનો અમલ વર્તમાન નાણાંકીય વર્ષથી શરૂ કરવાના હેતુસર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતેથી જય જવાન-જય કિસાનના નારા સાથે શુભારંભ કરાવ્યો હતો. જેનું જીવંત પ્રસારણ ઉપસ્થિત પદાધિકારીઓ, અધિકારીઓ અને કિસાનમિત્રોએ નિહાળ્યું હતું.

આ અવસરે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના મનકી બાત કાર્યક્રમને પણ ઉપસ્થિતોએ શાંતિપુર્વક સાંભળ્યો હતો.

આ અવસરે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, તાલુકા પંચાયત પ્રમુખ પ્રિયંકાબેન પટેલ, નિવાસી અધિક કલેક્ટર કમલેશ બોર્ડર, સિવિલ સર્જન ડો. જીત્યા, જિલ્લાના લાભાર્થી કિસાનમિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

માંડા-નિકોલી ખાતે સી.સી.રોડનું ખાતમુહૂર્ત કરતા આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકર



વલસાડ: વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના માંડા-નિકોલી ખાતે રૂા.૫૦ લાખના ખર્ચે સી.સી. રોડ બનાવવામાં આવશે. આ કામગીરીનું ખાતમુહૂર્ત આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દરેક ગામોમાં આવન-જાવન માટે સરળતા રહે તે માટે ગામે-ગામ રસ્તાઓ બનાવવામાં આવી રહયા છે. રાજ્ય સરકાર છેવાડાના માનવીને માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે સતત પ્રયત્નશીલ છે, ત્યારે વિકાસકાર્યોનું મોનીટરિંગ સંબંધિત ગામના સરપંચ તેમજ અગ્રણીઓ કરે તે જરૂરી હોવાનું જણાવ્યું હતું. આ અવસરે અગ્રણી મુકેશભાઈ પટેલ, કનુભાઈ સોનપાલ, ગામના સરપંચ, માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ, ગ્રામજનો હાજર રહયા હતા.







વડોદરા જિલ્લામાં ચાલતા વેસ્ટ નિકાલના રેકેટનો પર્દાફાશ કરતું પ્રકૃતિ સુરક્ષા મંડળ





આ રેકેટમાં જીપીસીબીનો ભુ. પૂ. કર્મચારી પણ સામેલ?

અંકલેશ્વર

છેલ્લા ઘણા સમય પ્રદૂષણ ફેલાવતી કંપનીઓ પોતાનો ખર્ચ બચાવવા , શોર્ટ કટ અપનાવી વેસ્ટનો નિકાલ બિન્દાસ્ત રીતે કરી રહી છે. સુરત જીપીસીબીની હદમાં જેનો ભોગ બે ઈસમો બનતા મોતને ભેટ્યા હતા. જે બનાવની શાહી હજુ સુધી સુકાઈ નથી ત્યાં, વડોદરા જિલ્લામાં ગેરકાયદે વેસ્ટ નિકાલનું મોટું રેકેટ ધમધમી રહ્યું છે તેની માહિતી પ્રકૃતિ સુરક્ષા મંડળને મળતા તમામ માહિતી ભેગી કરી ટીમ વડોદરા જિલ્લાના સાવલી તાલુકા ના નાની ભદોલ ગામ ના એક ખેતર ખાતે તપાસ અર્થે પહોંચી હતી ત્યાં એક આઈસર ટેમ્પો ગેરકાયદે વેસ્ટ ભરેલ બેરલ ખાલી કરતા નજરે પડ્યો હતો. જેને પૂછપરછ કરતા તેણે ટૂંડાવ-અંજુસર રોડ ખાતે આવેલ સચ્ચિદાનંદ મિનરલ કંપની કે જે સોલ્વન્ટ રિકવરીની પ્રોસેસ કરે છે તેનું નામ આપી તે ટેમ્પો એ કંપની ખાતે લઈ ગયા હતા. આ અંગેની જાણ પ્રકૃતિ સુરક્ષા મંડળે તાત્કાલિક વડોદરા જીપીસીબીના ઈન્ચા. પ્રાદેશિક અધીકારી નીરજ શાહને કરી હતી. જ્યાં ટેમ્પો ચાલકે વેસ્ટના બેરલો ગેરકાયદે નિકાલ કર્યા હતા તે સ્થળે ખૂબ મોટી સંખ્યામાં જમીન પર વેસ્ટ નિકાલ કર્યાનું નજરે પડ્યું હતું.

આજ રોજ જીપીસીબી ના અધિકારી માર્ગી બેન અને તેમની ટિમ ઘટના સ્થળે પોહચી તેઓ પણ મોટી માત્રા માં ગેરકાયદેસર ના ડમ્પ કરાયેલ કેમિકલ વેસ્ટ જોઇ ને આશ્ચયચકિત થયા હતા

અને જમીન મલિક શ્રી રમેશભાઈ દેવજી ભાઈ પરમાર ની ઉલટ તપાસ કરતા તેઓ જીપીસીબી ના પૂર્વ કર્મચારી હોવાનું બહાર આવ્યું છે.જીપીસીબી ની ટિમ દ્વારા હાલ વિવિધ સેમ્પલો લઈ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રકૃતિ શૂરક્ષા મંડળ ને મળેલ અન્ય કમ્પનીઓ અને નિકાલ માં સાથ આપનારા વ્યક્તિઓ વેપારીઓ ના નામો સહિત ની માહિતી જીપીસીબી ને આપી હતી જે આધારે જીપીસીબી વડોદરા વધારે તપાસ કરી કરશે.

પ્રકૃતિ સુરક્ષા મંડળ દ્વારા માંગણી કરવામાં આવે છે કે અમારા દ્વારા આપવામાં આવેલ માહિતી ની તાપસ કરવામાં આવે અને જવાબદારો સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવે. ભૂતકાળ માં અંકલેશ્વર ના જીપીસીબી ના વિભાગીય અધિકારી શ્રી એ. વી. શાહ દ્વારા આવા અસામાજિક તત્વો સામે પાસા હેઠળ કાર્યવાહી કરી હતી આથી આવી જ કાર્યવાહી કરી આવા તત્વો સામે દાખલો બેસાડવામાં આવે તેવી માંગણી કરાઈ હતી.

અંકલેશ્વર જી.આઇ.ડી.સી.પો.સ્ટે.વિસ્તારમાં ફાયરીંગ કરી થયેલ મર્ડરના શૂટર આરોપીને ઝારખંડથી ઝડપી પાડ્યો



અંકલેશ્વર

તા.૧૨/૦૧/૨૦૧૯ અંકલેશ્વર જી.આઇ. ડી.સી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં રોશની નગરમાં રહેતા સમીમખાન જમીલખાનનુ મર્ડર અજાણ્યા આરોપી દ્વારા અગ્નિશસ્ત્ર વડે ફાયરીંગ કરી માથામા ગોળી મારી કરવામાં આવેલ જે અનડીટેકટ મર્ડરનો ગુનો ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓની સુચના હેઠળ ભરૂચ પોલીસ દ્વારા શોધી કાઢી બે આરોપીઓ મોહંમદશાહબાન અરારૂલ ઉર્ફે પીરમહંમદ શેખ ઉ.વ.-૨૯ હાલ રહેવાસી - મકાન નં.આર/૪૭, રોશનીનગર, પદમાવતીનગર પાસે, સારંગપુર તા.અંકલેશ્વર જી.ભરૂચ મૂળ રહેવાસી ગામ- સનગાવ, થાના - પોસ્ટ ફતેપુર જિ. ફતેપુર (ઉત્તરપ્રદેશ) તથા મોહંમદરીઝવાન અરારૂલ ઉર્ફે પીરમહંમદ શેખ ઉ.વ.-૩૫ હાલ રહેવાસી - મકાન નં.આર/૪૭, રોશનીનગર,પદમાવતીનગર પાસે, સારંગપુર તા.અંકલેશ્વર જી.ભરૂચ મૂળ રહેવાસી ગામ- સનગાવ, થાના - પોસ્ટ ફતેપુર જિ. ફતેપુર (ઉત્તરપ્રદેશ)નાઓની તા. ૧૩/૦૨/૨૦૧૯ ના રોજ ધરપકડ કરી આરોપીઓના દિન - ૦૭ ના પોલીસ રિમાંડ મેળવવામાં આવ્યા હતા જે પોલીસ રિમાંડ દરમ્યાન જે એન ઝાલા પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી દ્વારા આરોપીઓની પુછપરછ તપાસ કરી મરનાર સમીમખાનનુ મર્ડર ફાયરીંગ કરનાર શુટરનુ નામ સરનામું ટેકનીકલ સર્વેલન્સથી શોધી તે ઝારખંડ રાજયનો હોવાનું જણાતા એલ.સી.બી

પો.સ.ઇ એ.એસ. ચૌહાણ અને પોલીસ ટીમ રવાના કરવામાં આવી હતી જે ટીમના એટરેક્ટીવ એફર્ટ અને સ્થાનીક પોલીસની મદદથી શુટર મહોમંદ સીરાજ ઉર્ફે રોની મહંમદ સમીમ અંસારી રહેવાસી-શ્રીરામપુર,જી.ધનબાદ થાણા તોપયાંચી (ઝારખંડ)ને હાથ કરી ભરૂચ લાવવામા આવેલ શુટર મહોમંદ સીરાજ ઉર્ફે રોનીની અટકાયત તા.૨૧/૦૨/૨૦૧૯ ના રોજ કરવામા આવેલ જે દિન - ૦૭ ના પોલીસ રિમાંડ હેઠળ છે રોનીની ઉડાણપુર્વકની તપાસ પુછપરછમાં ગુનાને સાંકળતી ઘણી કડીઓ પ્રાપ્ત થયેલ છે. જેમાં રૂપીયા એક લાખની સોપારી મોહંમદશાહબાન દ્વારા રોનીને આપવામાં આવી હતી. જેથી તે નોએડા થી ગુનાના આઠેક દિવસ પુર્વે આવ્યો હતો અને ગુના બાદ પરત નીકળી ગયો હતો રોનીને શાહબાને અંકલેશ્વર જી.આઇ.ડી.સી.માં શાહબાનના ઘરે અંકલેશ્વરજી.આઇ.ડી.સી વિસ્તારમાં આશરો આપ્યો હતો. અને ખાવાની વ્યવસ્થા પુરી પાડી ગુનાનું કાવતરૂ ઘડી નાંખ્યુ હતુ. શાહબાને રોનીને સાથે રહી સમીમખાનને બતાવ્યો હતો અને કયા રસ્તે આવવુ નાસી જવુ જે જગ્યાઓ નક્કી કરી હતી. શાહબાન દ્વારા રોનીને દેશીતમંચો અને રાઉંડ પુરા પાડવામા આવ્યા હતા,જેમાંથી રોની દ્વારા ગુના પુર્વે ટેસ્ટ ફાયર કરવામા આવ્યું હતુ.આરોપીઓની કોસ પુછપરછમાં ગુનામાં વપરાયેલ હથીયાર દેશી તમંચો શાહબાનના ઘરેથી રીકવર કરવામાં આવેલ છે. આ કામે વપરાયેલ દેશી તમંચો કિ.રૂ. ૩૦૦૦/- મોબાઈલ, કિં.રૂ. ૧૫૦૦/- કબ્જે કરવામાં આવ્યા છે.

માંડવી અને ઓલપાડ ખાતે સિકલસેલ એનીમીયાની જાગૃતિ તથા સારવાર માટેના મેડીકલ કેમ્પો યોજાયા

આ કેમ્પમાં ૨૭૦ દર્દીઓએ લાભ લીધો

સુરત

રાજય સરકારના સિકલ સેલ એનીમીયા નિયંત્રણ કાર્યક્રમ હેઠળ જીલ્લાનાં સિકલસેલ દર્દીઓ માટે સિવિલ હોસ્પીટલનાં તજજ્ઞો તેમજ ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી અમદાવાદની સેવાઓની મદદથી તા.૨૧ થી ૨૮ ફેબ્રુઆરી સુધી ઉમરપાડા, ઓલપાડ, માંડવી, ઉમરાખ, કામરેજ તથા માંગરોળ ખાતે ફોલોઅપ આરોગ્ય તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જેના ભાગરૂપે માંડવી અને ઓલપાડ ખાતે યોજાયેલ બે કેમ્પમાં અનુક્રમે ૨૧૦ અને ૬૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. હસમુખભાઈ ચૌધરી અને જીલ્લા સિકલસેલ નિયંત્રણ અધિકારી ડો. પિયુષ શાહ અને જીલ્લા પંચાયતના ઈ. એમ.ઓના માર્ગદર્શન હેઠળ દર વર્ષની આ વર્ષે પણ સુરત જીલ્લાનાં સિકલસેલ દર્દીઓ માટે ફોલોઅપ આરોગ્ય તપાસ કેમ્પ યોજાઈ રહ્યા છે. જિલ્લામાં જીલ્લામાં સિકલસેલનાં કુલ ૨૩૯૫ દર્દીઓ નોંધાયેલા છે. કેમ્પમાં વધુમાં વધુ દર્દીઓને આવરી લેવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

કેમ્પમાં સિવિલ હોસ્પિટલ સ્પેશીયાલીસ્ટ ડોકટરો દ્વારા દર્દીઓની તપાસ તથા એકસ-રે, લોહી તપાસની સેવાઓ તથા દર્દીઓની જરૂરીયાત મુજબની દવાઓ આપવામાં આવી હતી.

રાજપીપળાના માછી સમાજ દ્વારા કેન્ડલ માર્ચ યોજી આપાઈ શહિદોને શ્રદ્ધાંજલિ



રાજપીપળા : હાલમા જમ્મુ કાશ્મીરના પુલવામાં CRPF ના જવાનો ઉપર મોટો આતંકવાદી હુમલો થયો હતો અને આ આતંકી હુમલામાં વીર જવાનો શહીદ થયા છે જેને પગલે સમગ્ર દેશમા જન આક્રોશ જોવા મળી રહ્યો છે.આ સમગ્ર ઘટનાથી દેશ ધ્રુજી ઉઠ્યો છે ત્યારે રાજપીપળા શહેર સહિત નર્મદા જિલ્લામાં પણ જન આક્રોશ વ્યાપી રહ્યો છે અને સાથે સાથે સૌ કોઈ શહીદોના પરિવારો પ્રત્યે પણ સહાનુભુતિ વ્યક્ત કરી રહ્યા હોય ઠેર ઠેર શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે.

ત્યારે શહિદોને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજપીપળા માછી સમાજ દ્વરા એક કેન્ડલ માર્ચનું આયોજન કરવામા આવ્યું હતું જેમાં વડીલો, બાળકો, મહીલાઓ અને યુવનો મોટી સંખ્યામાં જોડયા હતા.આ કાર્યક્રમમાં જેમાં રાજપીપળાના માછીવાડ ગેટ થી સ્ટેશન રોડ સુધી કેન્ડલ માર્ચ યોજી સફેદ ટાવર પાસે આવી લોકોએ બે મિનિટનું મૌન પાડી શહિદોને હદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી હતી સાથે પાકિસ્તાન મુર્દાબાદના નારા લગાવ્યા હતા અને સરકાર આતંકિયો વિરુદ્ધ સખતમા સખત કાર્યવાહી કરે તેવી પણ માંગ કરી હતી.

હીરાના વેપારીએ બાકી રૂપિયાની ઉઘરાણી કરતા ધમકી મળી

સુરત

હીરાના વેપારમાં બાકી રૂપિયાની ઉઘરાણી કરનાર હીરા વેપારીને જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીથી મોબાઈલ ફોન પડાવી લીધો હતો.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ હીરા વેપારી મુકેશભાઈ પ્રભુલાલ મહેતાએ આરોપી જીતુવલ્લભભાઈ રાસોલિયા (વરાછા, ચીકુવાડી), સાથે સને ૨૦૧૭-૧૮માં હીરાનો વેપાર કર્યો હતો. આ ગવેપારીમાં આરોપી પાસેથી ફરિયાદીને રૂા. ૪૦,૬૧,૮૬૧ લેવાના નીકળતા તા. આ અંગે ફરિયાદી અવાર નવાર આરોપીને ફોન કરી ઉઘરાણી કરતાં હતા. જેથી આરોપી મનુભાઈએ ફરિયાદીને કતારગામ જેરામ મોરારની વાડી પાસે બોલાવીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને બળજબરીથી રૂપિયા ૭૦૦૦ની કિંમતનો ફોન પડાવી લીધો હતો. કતારગામ પોલીસે મુકેશ પ્રભુલાલ મહેતાની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
● જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
● એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફ્રી શીપ કાર્ડ ની વ્યવસ્થા
● જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
● એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
● સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ ક્લાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
● હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
● જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.
સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort
24 SILVASSA
acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
✦ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
✦ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
✦ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
✦ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
✦ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
✦ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
✦ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
✦ એક્સક્લુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
✦ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
✦ શેતરંજી ✦ આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૬-૨૪૨૫૧૦૨

તિલકવાડા સબ સ્ટેશનમાં આગ બાદ મોટી નુકસાનીનો અંદાજ સુરત વડી કચેરીના અધિકારીઓ દોડી આવ્યા





આસપાસના ગામોનો વીજપુરવઠો શરુ થયો પરંતુ અમુક એગ્રિકલચર લાઈનો હજુ પણ બંધ હોવાથી ખેડૂતોને તકલીફ આગ લાગવાનું અને કેટલું નુકસાન થયું એ કારણ હજુ જાણી નથી શકાયું પરંતુ સર્વે કામગીરી શરુ

રાજપીપળા : શનિવારે સાંજે તિલકવાડા સબ સ્ટેશનમાં અચાનક આગ લાગતા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા જેમાં ટ્રાન્ફોર્મરો માં ઓઈલ ના કારણે આગે મોટું સ્વરૂપ ધારણ કર્યું જોકે કલાકોની જેહમત બાદ આગ પર કાબુ મેળવી લેવાયો હતો પરંતુ આગના કારણે નજીકના ૬૦ જેવા ગામોના અંધારપટ છવાયો હતો એ દૂર થઈ ગયો હોવાની માહિતી તિલકવાડા વીજ કંપની દ્વારા જાણાવ મળી છે પરંતુ હજુ રહેણાંક વિસ્તારમાં વીજ પુરવઠો ચાલુ કરાયો છે ત્યારે આગના કારણે બંધ થટેલા કેટલાક એગ્રિકલચર કનેકશનો હજુ બંધ હોવાનું જાણવા મળ્યું હતું જેના કારણે ખેડૂતોને વીજ પુરવઠો ન મળતા ખેડૂતો તકલીફમાં મુકાયા છે ત્યારે આ તકલીફ ક્યારે દૂર થશે એ હાલ જાણી શકાયું નથી .

તિલકવાડાના મેઈન રોડ પર જેટકો વિજકંપની આવેલી છે જ્યાં અચાનક સબસ્ટેશનમાં આગ લાગી હતી, આગ લાગતા આધિકારીઓમાં દોડધામ મચી ગઈ પરંતુ સબસ્ટેશનમાં ઓઈલ ભરેલા ડીપી ફાટતા આગે વિકરાળ રૂપ ધારણ કર્યું હતું . હાલમાં તો શોટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે પણ વિકરાળ આગથી આખું સબસ્ટેશન બળીને ખાખ થઈ ગયું હતું.

દેવલિયા તિલકવાડા રોડ પર વીજ કંપનીના સબ સ્ટેશનમાં લાગી ભયંકર આગ સબસ્ટેશનમાં જ આગ લાગતા તિલકવાડા તાલુકામાં વીજળી ડુલ થઈ ગઈ છે હજુ સુધી ખબર નથી પડી કે આ આગ કયા કારણોસર લાગી છે આગ ાબુમાં આવ્યા બાદ નુકસાની જાણી શકાશે.તિલકવાડા ખાતે કોઈ ફાયર ફાયટરની ટિમ ના હોવાના કારણે આગે રુદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું ર કલાક સુધી કોઈ ફાયર ફાયટર ઘટના સ્થળે નહિ પહોંચતા આગ એ મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું જોકે ર ા જ પ ી પ ળ ા નગરપલાલીકા અને નર્મદા નિગમના ફાયર ફાયટર મંગાવામાં આવ્યા હતા. અને સબ સ્ટેશનના ડીપીમાં ઓઈલનો ઉપયોગ થતો હોવાના કારણે એક પછી એક ઓઈલના ડીપી ફાટતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, આ આગ આમતો પાણી દ્વારા ઓલવાય નહિ આ આગને ઓલવવા માટે લીકવીડ ફોમ જરૂરી હોઈ છે તે તે માટે વડોદરા પાલિકાને પણ આધિકારીઓ દ્વારા જાણ કરી દેવામાં આવી હતી. રાત્રીના પાંચ ફાયર ફાઈટરો આગ પર કાબુ મેળવતા હતા પણ એ વ્યર્થ સાબિત બની રહ્યા હતા. છતાં આગને કાબુમાં લેવા મહેનત કરવી પડી હતી.

તિલકવાડાના સબ સ્ટેશનમાં સુરક્ષા અને ફાયર સેફટીના અભાવને કારણે આગે મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આ જે લીકવીડ ફોર્મ છે નર્મદા જિલ્લામાં ઉપલબ્ધ ન હોય જેન બરોડાથી મંગાવાનું હોઈ છે ત્યાં સુધી પ્રાથમિક તબક્કે હાલ પાણીનો છંટકાવ કરી ઓલવવાના પ્રયાસો કરી રહ્યા છે પણ ડીપીમાં વધુ પ્રમાણમાં ઓઈલ હોવાના કારણે મુશ્કેલી વધુ પડી હતી.

જોકે આગની ઘટના બાદ દક્ષિણ ગુજરાત વીજ કંપની ના સુરત ના અધિકારીઓ પણ તાત્કાલિક તિલકવાડા ખાતે દોડી આવ્યા હતા અને રવિવારે બીજા દિવસે હજુ સર્વેની કામગીરી ચાલુ હતી આગ કયા કારણોસર લાગી અને કેટલું નુકસાન આ આગમાં થયું એ હજુ જાણી શકાયું નથી છતાં ખુબ મોટી નુક્સાનીનો અંદાજ સેવાઈ રહ્યો છે .

નર્મદા જિલ્લાના ગામકુવાના ખેડૂતને નરેન્દ્ર મોદીના હસ્તે કિસાન સન્માન પત્ર એનાયત



ઉત્તરપ્રદેશના ગોરખપુરથી પીએમ મોદીએ પ્રધાનમંત્રી કિસાન યોજનાનો શુભારંભ કરાવ્યો હતો,જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા

રાજપીપળા :પીએમ મોદીએ ૨૪મી ફેબ્રુઆરીએ ઉત્તરપ્રદેશના ગોરખપુરથી પ્રધાનમંત્રી કિસાન યોજનાનો શુભારંભ કરાવ્યો હતો.જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.પીએમ-કિશાન યોજના અંતર્ગત દેશના ખેડૂતોના ખાતામાં વર્ષે ૬૦૦૦ રૂપિયા કેન્દ્રની સરકાર જમા કરાવશે.જેનો શુભારંભ ઉત્તર પ્રદેશના ગોરખપુર ખાતેથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતોના ખાતામાં ઓન લાઈન પૈસા જા કરીને કર્યો હતો.સમગ્ર દેશના ૧ લાખથી પણ વધુ ખેડૂતોને ૨૨૧ કરોડ રૂપિયા આ યોજના દ્વારા અપાશે.

આ યોજનાના શુભારંભ પ્રસંગે દેશના પસંદગી પામેલા રાજ્યોમાંથી ૧૧ ખેડૂતોને ગોરખપુર ખાતે બોલવામાં આવ્યા હતા.જેમાં ગુજરાતમાંથી ફક્ત નર્મદા જિલ્લો પસંદગી પામ્યો હતો.નર્મદા જિલ્લામાંથી નાંદોદ તાલુકાના ગામકુવા ગામના પ્રગતિશીલ ખેડૂત સુરેશભાઈ વસાવાની પસંદગી થઈ હતી,સુરેશ વસાવાને નરેન્દ્ર મોદીના હસ્તે ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતે કિસાન સન્માન પત્ર એનાયત કરાયું હતું.અત્રે એ ઉલ્લેખનીય છે કે સુરેશભાઈ વસાવા ગામકુવા ગામે દોઢ એકર જમીનમાં કપાસની ખેતી કરે છે .તેઓની ખેતીની સુજબુજને લીધે એક પ્રગતિ શીલ ખેડૂત તરીકે ગોરખપુર ખાતે વડાપ્રધાન દ્વારા સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.આમ તો આ યોજના અંતર્ગત નર્મદા જિલ્લાના ૫૬,૦૯૭ ખેડૂતોને લાભ મળ્યો છે.

રાજપીપળાના ટાઉન હોલ ખાતે ઉત્તરપ્રદેશ ખાતે યોજાયેલ પીએમ.મોદીના આ કાર્યક્રમનું સીધું લાઈવ પ્રસારણ કરાયું હતું.આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના મંત્રી ઈશ્વર પરમાર, રાષ્ટ્રીય આદિજાતિ આયોગના સભ્ય હર્ષદ વસાવા, જિલ્લા કલેકટર આઈ.કે.પટેલ,ડીડીઓ જીન્સી વિલિયમ્સ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લોન અપાવવાના બહાને રૂ.૩૫ હજાર પડાવી લીધા

સુરત

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કારગીલ એક સક્તિા સોસાયટીમાં રહેતા રત્નકલાકાર દિલીપ રાણાભાઈ લીંબાચીયાએ આરોપી કિર્તી મિશ્રા, સંદીપ ચૌધરી, હંસરાજ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીને ફોન કરી રૂપિયા પાંચ લાખની લોન આપવાના બહાને એકાઉન્ટમાં રૂપિયા ૩૫૦૦૦ ભરાવી લોન નહીં આપી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. કાપોદ્રા પોલીસે ફરિયાદ નોંધી પો.સ.ઈ. એ.જી. રબારીએ તપાસ હાથ ધરી છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

હોલસેલ ભાવે છુટકમાં
● કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
➨ પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
➨ મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
"કાશ્મીરી શાલ"
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની

ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર ક્વોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
"છોટા કુબેર" કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૦૭૧૫૦૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭

SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC

સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

3000/- Rebonding Smoothing & straightening
Niyati BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
● ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
● લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
● ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
● રીચાર્જેબલ હીયરીંગ એઈડ
● જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

THICKSHAKE NEW VARIETY
રજવાડી કીંગ | રજવાડી ક્વીન
મખ્ખન ભોગ

Extra Ordinary Flavours of 51 RAINBOW ice creams
Special offer
150/- 100/-
Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્ક: +91 9879217786

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે

મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
સ્કુલ, ગ્રૂપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
ઉમરાટ બીચ - નવસારી
www.modiresorts.com
Ph.: 99250 08830
97272 56004